Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૫ મો

વીર સંવત ૨૪૭૦ ❋ વિક્રમ સંવત ૨૦૦૦

ફાગણ

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૦ મું } ફાગણ { વીર સં. ૨૪૭૦
અંક ૫ મો } { વિક્રમ સં. ૨૦૦૦

## अनुक्रमणिका

૧. શ્રી સંભવજિન સ્તવન... ... ... ... ... ... ૧૨૯
૨. રાધનપુર ચૈત્ય-પરિપાટી સ્તવન ( સં. મુનિશ્રી માનતુંગવિજયજી ) ૧૩૦
૩. શ્રી પ્રશ્નસિંધુ : ૫ ... ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) ૧૩૩
૪. આત્મિક શક્તિ અને પાશવી શક્તિ ... ( શ્રી બાલચંદ હીરાચંદ ) ૧૩૮
૫. વીરવિલાસ : ૧૪ ... ... ... ... ... ( મૌક્તિક ) ૧૪૧
૬. ભાંગતા તો ઘણુંને આવડે છે પણ ... ... ...
સાંધતા કેટલાંને આવડે છે ? ... ... ... ( કુંવરજી ) ૧૪૬
૭. બચાવ પક્ષ સાંભળ્યા સિવાય ઇન્સાફ આપી શકો નહીં. ( કુંવરજી ) ૧૪૭
૮. પ્રશ્નોત્તર ... ... ( પ્રશ્નકારઃ-માસ્તર હિંમતલાલ લાલચંદ-પેથાપુર ) ૧૪૮
૯. પુસ્તકોની પહોંચ ... ... ... ... ... ( કુંવરજી ) ૧૫૧
૧૦. પ્રભાવિક પુરુષો : પટ્ટધરબેલડી : ૮ ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૫૪
૧૧. સ્યાદ્વાદ સંબંધી સાહિત્ય ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ) ૧૫૮

### શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને સૂચના

આ વર્ષે ભેટ આપવાની બુકો તૈયાર થઇ ગઇ છે. સં. ૧૯૯૯ ના ચૈત્રથી સં. ૨૦૦૦ ના આસો સુધી વર્ષ ૧ તથા સાત માસના લવાજમના રૂા. ૨ાા પોણા ત્રણ આવ્યેથી બુકો મોકલી આપવામાં આવશે. જેઓએ લવાજમ સં. ૨૦૦૦ ના ફાગણ સુધી ભરી દીધું હોય તેઓએ એક રૂપિયો મોકલવો. ફાગણ શુદિ પુનમ સુધીમાં લવાજમ નહીં આવે તો ત્યારબાદ ભેટના પુસ્તકોનું વી. પી. કરવામાં આવશે. વી. પી.ના નાહકના ખર્ચમાંથી બચવા માટે વેળાસર લેણું થતું લવાજમ મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

પોષ માસના અંકથી "જૈન ધર્મ પ્રકાશ"ની પ્રકાશનની તારીખ ફરી છે. માસિક દર અંગ્રેજી મહિનાની પાંચમી તારીખને બદલે હવેથી તા. ૨૫ મીએ બહાર પડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું | અંક ૫ મો | ફાગણ | વીર સં. ૨૪૭૦ | વિ. સં. ૨૦૦૦

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या। ( મુદ્રાલેખ )

## શ્રી સંભવજિન સ્તવન

( રાજ પધારો મેરે મંદિર, શય્યા પાવન કીજે જી રે--એ દેશી )

શ્રી સંભવજિન સેવા સારી, લાગે મુજને પ્યારી જી રે;
શિવફલ કારણુ એ છે કયારી, સંભવજિન વિશરામી,
શ્રી જિન ભજીએ જી રે, સેવન વિવિધ પ્રકાર. ।।શ્રી જિન.।।૧।।
દુગ તિગ પણુ અડ ભેદે પૂજા, દ્રવ્ય વિવિધ વર લીજે જી રે;
સત્તર ભેદે પણુ છે પૂજા, ભેદ અનેક એમ લીજે. ।।શ્રી જિન.।।૨।।
દ્રવ્યપૂજા અંગ અગ્ર કીજે, ભાવપૂજા ફળ લીજે જી રે;
સુરગિરિ સુરપતિ નિજ સુર સાજે, નંદીશ્વર મન રીઝે. ।।શ્રી જિન.।।૩।।
હું પણુ સેનાનંદન પૂજું, ભવસંતતિને છેદું જી રે;
દશ ત્રિક શુદ્ધિ સાત ન ચૂકું, ભાવ ધરી મન રીઝું. ।।શ્રી જિન.।।૪।।
જિનમૂર્તિ આલંબન દીઠું, આગમ અમૃત મીઠું જી રે;
વિષમકાળ વિષ દૂરે નીઠું, લાધ્યું શિવનું ચીઠું. ।।શ્રી જિન.।।૫।।
કારણુ કાર્ય વિચારી જાણી, શિવસાધન મન આણી જી રે;
વિધિપૂર્વક જિનપૂજા સારી, **રુચક** કરે હિતકારી. ।।શ્રી જિન.।।૬।।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી રાધનપુર-ચૈત્ય-પરિપાટી-સ્તવન

દુહા

શ્રી ચિંતામણિ પાસજી, ચિંતા ચૂરણહાર;
પ્રણમું પદકજ પ્રેમથી, સુખ સંપત્તિ દાતાર. ૧

રાધનપુરમાં રાજતા, જિનવર ચૈત્ય અનેક;
અરિહંત બિંબ ઘણાં તિહાં, સંભારું શુભ ટેક. ૨

જિનવર જાપે જીવને, પ્રગટે આત્મ વિવેક;
વિષયાદિકની વાસના, રહી ન શકે ઘડી એક. ૩

## ઢાળ પહેલી

[ એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે-એ દેશી ]

જિનદર્શન નિત કીજે, હો ભવિકા ! જિનદર્શન નિત કીજે;
જિમ ભવ પાતક છીજે હો, ભવિકા જિન૦

અમૃત સમ જિનનામ સમરતાં, પુણ્ય ભંડાર ભરીજે;
આળપંપાળને અળગી કાઢી, પ્રભુ મુખકજ નિરખીજે. હો ભવિકા૦ ૧

ખંખાવાળી શેરીમાં સ્નેહે, હો જિનમંદિર લીજે;
સહસફણા ને શામળા પારસ, ભેટી હર્ષ વહીજે. હો ભવિકા૦ ૨

બાળબ્રહ્મચારી બાવીશમા જિન, શ્રી નેમિનાથ કહીજે;
ઘેલા શેઠની શેરીએ સોહે, નિરખી કર્મ દહીજે. હો ભવિકા૦ ૩

બખી દોશીની પોળમાં આવી, પ્રભુ પયકમલે રહીજે;
શ્રી ચિંતામણિ પાર્શ્વ નિહાળી, મનુષ્ય જન્મ ફળ લીજે. હો ભવિકા૦ ૪

ચિંતામણી શેરીમાં સુંદર, ભવ્ય જિનાલય ગાજે;
ચિત્તહર શ્રી ચિંતામણિ સ્વામી, તિમ મલ્લિ પ્રભુ ગાજે. હો ભવિકા૦ ૫

અરિહા અર્ચન આદરથી કરી, નિજ ઋદ્ધિ પ્રગટીજે;
ભવભયભંજન ભગવંત ભાવે, પ્રહ ઊઠી સમરીજે. હો ભવિકા૦ ૬

દુહો

ભવસાગર ભમતાં થકા, ન લહ્યો પ્રભુ દેદાર;
પ્રભુ દર્શન વિણ જીવડો, નવિ પામ્યો દુઃખપાર. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ઢાળ બીજી

[ અજિત જિણંદશું પ્રીતડી–એ દેશી ]

અરિહંત નામ સોહામણું, એક શ્વાસે હો જપીયે સો વાર કે;
ધન્ય દિવસ ઘડી આજની, માનું સફળો હો માહરો અવતાર કે.
સુખકર સાહિબ સેવીએ. ૧
ભોંયરા શેરીમાં ભેટીએ, શિવદાતા હો શાસન સુલતાન કે;
અજિત અનંત ગુણે ભર્યા, જે આપે હો શાશ્વત શિવસ્થાન કે. સુ૦ ૨
તંબોલી શેરીમાં જાણીએ, જગતારક હો ત્રિશલાસુત દેવ કે;
ચૌમુખ ચઉબિંબ દીપતાં, વળી વંદું હો સીમંધર દેવ કે. સુ૦ ૩
વાસુપૂજ્ય જિન બારમા, જયા માતા હો વસુપૂજ્ય નૃપ નંદ કે;
કડીઆવાસે કૃપાનિધિ, જસ સેવા હો દીએ હર્ષ અમંદ કે. સુ૦ ૪
શ્રી મનમોહન પાસજી, સેવકની હો પૂરે સવિ આશ કે;
વોરાવાડમાં વંદીએ, સવિ સુરપતિ હો જસ ચરણના દાસ કે. સુ૦ ૫
પરમ–પુરુષ પરમાતમા, જગબંધવ હો જગહિતકર નાથ કે;
જગચિંતામણિ જગધણી દેજો, દાસને હો પ્રભુ! નિજગુણ આથ કે. સુ૦૬

દુહો

દર્શન કારણ મોક્ષનું, દર્શન સુખનું નિધાન;
પ્રગટ હુએ પ્રભુ દર્શને, આતમ ગુણ અસમાન. ૧

### ઢાળ ત્રીજી

[ શ્રુતપદ નમીયે ભાવે ભવીઆ, શ્રુત છે જગત આધાર જી–એ દેશી ]

ચેતન ચતુર ચોકખે ચિત્ત ચાલો, જિનવર દર્શન કરીએ જી;
શાંતરસે ભરી મૂરતિ નિહાલી, ભવસાગર ઝટ તરીએ.
એ પ્રભુ પ્યારા રે, જગદીપક જિનરાજ, દુઃખ હરનારા રે. ૧
સોળમા જિનવર પાંચમા ચક્રી, અચિરા માત મલ્હાર જી;
શાંતિનાથ ખડકીમાં સોહે, શાંતિ અભય દાતાર. એ પ્ર૦ ૨
મરુદેવાનંદન મોહન મૂરતિ, વળી શંખેશ્વર પાસ જી;
આદીશ્વર ખડકીમાં ઓપે, મોટું જિનઘર ખાસ. એ પ્ર૦ ૩
કલ્યાણકારી કલ્યાણ પારસ, શ્રી સીમંધર સ્વામ જી;
દેવવિમાન સમું દેવાલય, દેસાઇ વાડે અભિરામ. એ પ્ર૦ ૪
ખજુરી શેરીમાં શાંતિ જિનવર, વિશ્વસેન કુલચંદ જી;
અલખ નિરંજન ભાવારિ–ગંજન, જનમન નયનાનંદ. એ પ્ર૦ ૫
અષ્ટ પ્રકારી પૂજા વિધિશું, જે ભવિયણ નિત કરશે જી;
નાગકેતુ પરે નિર્મળ ભાવે, વહેલું શિવપદ વરશે. એ પ્ર૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુહો

જિનપ્રતિમા જિન સારિખી, આગમ ભાખે એમ;
દર્શન નમન પૂજા વિના, ઘડી એક જાયે કેમ ? ૧

## ઢાળ ચોથી

( નમો ઉવજ્ઝાયાણું જપો હો મિત્તા—એ દેશી )

જન્મ સફળ તેહનો ગણો રે મિત્તા, જે પ્રભુ ભક્તિ લીન;
આતમ ઉજ્વળતા કરે રે મિત્તા, અધ્યાતમ રસ પાન રે
સોભાગી મિત્તા, જિનપદ પૂજોને,
જિનપદ પૂજો પ્રેમ શું રે મિત્તા, જિમ ટળે મોહ વિલાસ રે. સો૦ ૧

ત્રણ દેરાસર દીપતાં રે મિત્તા, ભાની પોળમાં સાર;
સુખકર શાંતિ જિનેશ્વરુ રે મિત્તા, ધર્મ ધૂરા ધરનાર રે. સો૦ ૨

ચઉમુખ પ્રતિમા ચાર છે રે મિત્તા, શીતલ શીતલ સંગ;
ભણશાલી શેરીમહીં રે મિત્તા, વિમલ વિમલ જસ અંગ રે. સો૦ ૩

કડવા મતિની શેરીએ રે મિત્તા, આદિજિન કુંથુનાથ;
ધોળીઆ શેરી જિનાલયે રે મિત્તા, સંભવ શિવપુર સાથ રે. સો૦ ૪

ગુણવંતા ગોડી ધણી રે મિત્તા, ધરમ ધરમ દાતાર;
ગોડીજીની પોળમાં રે મિત્તા, ભજીએ ભવિ નરનાર રે. સો૦ ૫

ધોળીધોળે કુંથુ જિના રે મિત્તા, સકળ ભવિ હિતકાર;
ચોવીશ એ જિનમંદિરા રે મિત્તા, ચઉ ગતિ ચૂરણહાર રે. સો૦ ૬

વરખડીમાં વંદિયે રે મિત્તા, ગોડીજી પાદુકા સાર;
એણીપેરે જિન અભિધા સ્મરી રે મિત્તા, મેં લહ્યો હર્ષ અપાર રે. સો૦ ૭

તપગચ્છ [1]અંબર [2]અર્યમા રે મિત્તા, વિજયપ્રેમસૂરિરાય;
રામચંદ્ર સૂરિવરતણા રે મિત્તા, સેવક પ્રભુ ગુણ ગાય રે. સો૦ ૮

કલશ

ઇમ વિશ્વનાયક જગતત્રાયક, સંથુણ્યા શ્રી જિનવરા;
અવિનાશી અજ અકલંક નિર્મલ, સકલ જગ મંગલકરા.
મુનિ(૭) અંક(૯) નંદ(૯) હિમાંશુ(૧) વરસે, પોશ સુદિ એકાદશી;
રાધનપુરે જિન સ્તવન કીધું, વાર ગુરુ ચિત્ત ઉલ્લસી. ૧

સં૦ મુનિશ્રી માનતુંગવિજયજી

૧ આકાશ. ૨ સૂર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નસિંધુ

(૫)

રચયિતા—આ. શ્રી વિજયપદ્મસૂરિ

( અનુસંધાન પૃષ્ઠ ૧૦૩ )

૬૨. પ્રશ્ન—કયા જીવો શોક કરવા લાયક ન હોય ?

ઉત્તર—જે ભવ્ય જીવો ૧. સર્વવિરતિ ચારિત્રની પૂર્ણ ઉલ્લાસથી સાત્ત્વિકી આરાધના કરે. ૨. પોતપોતાની મર્યાદા પ્રમાણે શ્રી જૈનશાસ્ત્રોનું શ્રવણ કરે–તેનો અભ્યાસ કરે. ૩. પરોપકાર, તીર્થયાત્રા, રથયાત્રા, જીવદયા, શીલ, તપશ્ચર્યાદિ સત્કાર્યોને સાધે. ૪ શ્રાવકનાં બાર વ્રતોની યથાશક્તિ આરાધના કરે. ૫ વધતે પરિણામે સુપાત્રદાનનો લહાવો લ્યે. ૬. શ્રી જિનપ્રવચનાદિના અભ્યાસ કરનારા તથા કરાવનારા પુણ્યશાળી ભવ્ય જીવોને ઉત્તેજન આપે, ભણવાનાં સાધન પૂરાં પાડે, તેમને ભોજન વગેરે સાધનોની જરૂરિયાત હોય તો તે સર્વની વ્યવસ્થા કરાવી દે. ૭. અનિત્ય ભાવના ૧, અશરણ ભાવના ૨, સંસાર ભાવના ૩, એકત્વ ભાવના ૪; અન્યત્વ ભાવના ૫, અશુચિ ભાવના ૬, આશ્રવ ભાવના ૭, સંવર ભાવના, ૮, નિર્જરા ભાવના ૯, લોકસ્વભાવ ભાવના ૧૦, બોધિદુર્લભ ભાવના ૧૧, ધર્મના સાધક અરિહંત દુર્લભ ભાવના ૧૨ ( ધર્મ ભાવના અથવા અરિહંત દુર્લભ ભાવના ), મૈત્રી ભાવના ૧૩, પ્રમોદ ભાવના ૧૪, કારુણ્ય ભાવના ૧૫ અને માધ્યસ્થ્ય ભાવના ૧૬. આ સોળ ભાવના ભાવે. ૮. દ્રવ્યથી ને ભાવથી સાધર્મિક વાત્સલ્ય કરે. ૯. સંગ્રામ સોની, પેથડ મંત્રી, વસ્તુપાલ, કુમારપાલ વગેરે ભવ્ય જીવોની અપૂર્વ શ્રી જૈન આગમ લખાવી, ભંડાર બનાવવાની પ્રવૃત્તિની અનુમોદના કરીને શ્રી ગણધરાદિ મહાપુરુષોએ રચેલાં આગમ વગેરે શાસ્ત્રો લખાવે તેમજ ગુણવંત શ્રી આચાર્યદેવાદિ મહાપુરુષોને વહોરાવે. ૧૦. કોઇની સાથે ક્રોધાદિ નિમિત્તે વૈર બંધાયું હોય તો તરત જ ખમાવે, ભૂલી જવાય તો જ અનુક્રમે પાક્ષિક, ચાતુર્માસિક પ્રતિક્રમણમાં ખમાવે ને છેવટે સાંવત્સરિક પ્રતિક્રમણમાં તો જરૂર ખમાવે; કારણ કે–જે ભવ્ય જીવો ખમાવે તેઓ આરાધક છે, જેઓ ન ખમાવે તેઓ આરાધના કરી શકતા નથી. પાપ કરવાનો અભ્યાસ સંસારી જીવોને અનાદિ કાળથી પડ્યો છે, તેથી તે ( પાપ ) કરવું એ કંઇ દુષ્કર નથી, પણ રૂડા ભાવથી ખમતખામણાં કરવાં તે જ દુષ્કર છે. ૧૧. અજ્ઞાન મોહાદિની પરાધીનતાને લઈને જે પાપકર્મો કર્યાં હોય, કરાવ્યાં હોય, બીજા જીવો પાપ કરતા હોય તેની અનુમોદના કરી હોય–આ સર્વ પાપની નિર્મળ ભાવે પરમ ઉલ્લાસથી આલોચનાદિ પ્રાયશ્ચિત્ત લઇને આત્મશુદ્ધિ કરે. આવા જીવો શોક કરવા લાયક હોય જ નહિ, કારણ કે–તે ધર્મી જીવો પરભવમાં બહુ જ સારી સ્થિતિને પામે છે. આ અગિયાર કાર્યોની સાધના નહિ કરનારા અધર્મી જીવો અંતિમ સમયે શોક કરવા લાયક બને છે. કહ્યું છે કે—" मयवं !



For Private And Personal Use Only

के जीया सोयणीआ न हवंति ?—गोयमा ! जे उण १-गहियदिक्खाउ २-पढियसिद्धंतवयणाउ ३-कयसुकया ४-अंगीकयणुव्वया ५-कयसाहम्मियवच्छल्ला ६-दिण्णदाणा ७-नाणपढंतकयसाहिज्जा ८-सुहभावणाजुत्ता ९-लेहियजिणवयणा १०-खामियसव्वजीवा ११-आलोइयसव्वपावाउ जे जीवा परलोयं जंति, ते जीवा सोयणीआ न हवंति, सिग्घमेव सग्गं मोक्खं वा गच्छंति ॥ तथा ॥ भयवं ! के जीवा सोयणीआ हवंति ? गोयमा ! अपाविअजिणदिक्खाउ-असुयसिद्धंतवयणा-अबोहियलोया-अकयधम्मा-अग्गहियणुव्वया-अट्ठमयपंचप्पमायचउक्कसायसंजुत्ता-अखामियसव्वजीवा-अणालोयसव्वपावा जे जीवा परलोअं जंति, ते सोयणीआ हवंति ॥ जओ अणंते संसारे सयलदुहनिहाणे निच्चं दुहमणुहवंता चिट्ठंति ॥ વિશેષ બીના શ્રી શ્રાવકધર્મજાગરિકાદિમાં જણાવી છે. ભાવનાનું સ્વરૂપ વિસ્તારથી શ્રી પ્રવચનસારોદ્ધાર તથા શાંતસુધારસ વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે.

૬૩. પ્રશ્ન—સ્વાધ્યાયનું શ્રવણ કરવાથી શો લાભ થાય ?

ઉત્તર—બીજા ભવ્ય જીવો અધ્યયનાદિનો સ્વાધ્યાય કરતા હોય, તે એકાગ્રચિત્તે સાંભળવાથી તે શાસ્ત્રની બીના વિચારતાં વૈરાગ્યભાવ વધે છે, સંયમમાં થતી ભૂલને સુધારી શકાય, કર્મોની નિર્જરા થાય તથા કેટલાએક લઘુકર્મી જીવોને જાતિસ્મરણ જ્ઞાન પણ પ્રકટ થાય છે. ૬૩

૬૪. પ્રશ્ન—સ્વાધ્યાયના શ્રવણથી કોને જાતિસ્મરણ જ્ઞાન પ્રકટ થયું ?

ઉત્તર—અવંતી સુકુમાલને સ્વાધ્યાયના શ્રવણથી જાતિસ્મરણ જ્ઞાન પ્રકટ થયું. તેના પ્રતાપે તેણે પોતાના પાછલા ત્રીજા ભવની બીના આ પ્રમાણે જાણી–શ્રીપુરનગરમાં એક મચ્છીમાર રહેતો હતો. તેની સ્ત્રી બહુ ક્રોધિષ્ઠ હતી. તેણીના કહેવાથી તે ( મચ્છીમાર ) રાતના ચોથે પહોરે માછલા પકડવા ઘેરથી નીકળ્યો. સમુદ્રના કાંઠા તરફ જતાં જતાં રસ્તામાં તેણે વિચાર્યું કે–હજુ રાત તો ઘણી બાકી છે. એવામાં આંબાના ઝાડ નીચે બેઠેલા મુનિને જોયા. મુનિએ ઉપદેશ દેતાં તેને જણાવ્યું કે—હે ભવ્ય જીવ ! જે રૌદ્રધ્યાની જીવો જીવહિંસા કરે છે તેઓ જેમ સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકે ગયા તેમ ભયંકર નરકનાં બહુ કાળ સુધી તીવ્ર દુઃખો ભોગવે છે. જો તને દુઃખ ભોગવવાની ઇચ્છા નથી તો તારે દુઃખના કારણ તરીકે જ્ઞાની ભગવંતે જણાવેલી જીવહિંસા ન જ કરવી જોઈએ. તને જેમ તારા પ્રાણ વહાલા છે ને દુઃખ ગમતું નથી, એમ તમામ જીવોને પોતાના પ્રાણ વહાલા છે, દુઃખ ગમતું નથી, સર્વે જીવવાને જ ચાહે છે. માંકડ જેવા નાના જંતુને પણ પકડવા જતાં તે તરત ભાગી જાય છે, તેથી સાબિત થાય છે કે–સર્વને પોતાનું જીવન વહાલું છે. દયા પાળવાથી દીર્ઘાયુષ્યવાળા થવાય, નાની ઉંમરમાં મરણ થાય નહિ, શરીર નિરોગી રહે, સુંદર કાંતિવાળું શરીર મળે, શરીરમાં શક્તિ સારી ટકે, ત્રણે જગતમાં ઉત્તમ એવું સૌભાગ્ય મળે, નિરુપમ ( શ્રેષ્ઠ ) ભોગનાં સાધનો મળે, નિર્મળ યશ કીર્ત્તિ ચારે દિશામાં ફેલાય, પોતાના હુકમ પ્રમાણે કાર્ય કરે એવા સ્ત્રીપુત્રાદિ પરિવાર મળે, આવીને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલી ન જાય એવી અખૂટ લક્ષ્મી મળે, પરંપરાએ સ્વર્ગ તથા મોક્ષનાં પણ સુખ મળે. કહ્યું છે કે—**आउं दीहमरोगमंगमसमं रूवं पमिट्ठं बलं । सोहग्गं तिजगगुत्तमं निरुवमो भोगो जसो निम्मलो ॥ आपसिकूपरायणो परियणो लच्छी अविच्छेइणी । होज्जा तस्स भवंतरे कुणइ जो जीवाणुकंपं नरो ॥ १ ॥** આ ઉપદેશ સાંભળીને તેણે આ રીતે નિયમ ગ્રહણ કર્યો કે—મારી જાળમાં જે પહેલું માછલું આવે તે પકડવું નહિ. પછી તે માછલાં પકડવા સમુદ્રના કાંઠે ગયો. જાળમાં આવેલ પહેલાં માછલાંને છોડી દીધું; પણ નિયમની પરીક્ષા કરવા માટે આવેલ દેવના પ્રભાવે ફરીને તેનું તે જ માછલું જાળમાં આવવા માંડ્યું. તેથી થાકીને સાંઝે તે ઘેર ગયો ત્યારે તેની સ્ત્રીએ તિરસ્કાર કરીને ઘરમાંથી કાઢી મૂક્યો. બાદ મચ્છીમાર તે જ મુનિની પાસે ગયો. તેના પૂછવાથી મુનિએ અનુક્રમે પાંચે અણુવ્રતોનું સ્વરૂપ સમજાવ્યું, જે તેણે સ્વીકાર્યાં. નિર્મળ ભાવે આજીવિકા ચલાવતાં ધર્મની આરાધના કરી, સમાધિ મરણે મરણ પામી સૌધર્મ દેવલોકમાં આવેલ નલિનીગુલ્મ વિમાનમાં મહર્દ્ધિક દેવ થયો. આ રીતે તેણે પાંચે અણુવ્રતોની નિર્મલ આરાધના કરવાથી ઉત્તમ દેવતાઇ ઋદ્ધિ મેળવી. અહીંથી ચ્યવીને ઉજ્જયિની નગરીમાં ભદ્રા માતાના પુત્રપણે તે ઉત્પન્ન થયો. અનુક્રમે તે મોટો થતાં મહાધનવંત અને બત્રીશ સ્ત્રીઓનો સ્વામી થયો. અહીં તેની ચિત્રશાલામાં ભદ્રા માતાની આજ્ઞા લઈને, અનુક્રમે વિહાર કરતાં કરતાં આવેલા શ્રી આર્યસુહસ્તિસૂરિ મહારાજા, પોતાના મુનિ પરિવાર સાથે ઊતર્યા હતા. રાત્રે સૂરિજી મહારાજ નલિનીગુલ્માધ્યયનનો સ્વાધ્યાય કરે છે, તે શબ્દો અવંતી સુકુમાલે સાંભળ્યા. બહુ વિચાર કરતાં કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન પ્રકટ થયું. તેનાથી તેણે પાછલા બંને ભવની પણ સંપૂર્ણ બીના જાણીને સૂરિજી મહારાજની પાસે હકીકત જણાવી. તે વિમાનમાં જવાની ચાહનાવાળા અવંતી સુકુમાલે પોતાના સ્વજનોને પૂછ્યા વિના લોચ કર્યો ત્યારે " આ જીવ પોતાની મેળે મુનિવેષને ધારણ ન કરે," એમ સમજીને સૂરિમહારાજે તેને દીક્ષા આપી. ત્યારબાદ શ્રી અવંતી સુકુમાલ મુનિએ શ્રી ગુરુમહારાજની આગળ બંને હાથ જોડીને કહ્યું કેઃ 'હે ગુરુદેવ ! હું પ્રવ્રજ્યા દીર્ઘ કાળ સુધી પાળવાને અસમર્થ છું માટે કૃપા કરીને આપ આજ્ઞા ફરમાવો તો હું શ્મશાનમાં જઇ કાઉસ્સગ્ગ ધ્યાને રહું.' ગુરુદેવે જ્ઞાનનો ઉપયોગ દઈ જાણ્યું કે—આ રીતે આ જીવ આરાધક થશે. તેથી તેને આજ્ઞા આપી. મુનિશ્રી અવંતી સુકુમાલ ગુરુજીની આજ્ઞા લઈ, સુકુમાલ પગે ચાલતાં ચાલતાં અનુક્રમે કંથારી વનમાં આવેલ વાંસ જાલની અંદર જઈ, અનશન કરી કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહ્યા. આત્મસ્વરૂપની ચિંતવના કરવા લાગ્યા. અહીં આવતાં પગની કોમળતાને લઇને શૂળ વગેરે લાગવાથી પગમાંથી રુધિરની ધાર નીકળવા લાગી. તે સમતા ભાવે સહન કરતાં મુનિરાજ અવંતી સુકુમાલ એકાગ્ર ચિત્તે નિર્મળ ધ્યાનમાં લીન થયા. રસ્તામાં લોહીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છાંટા પડેલા, તે સૂંઘતી સૂંઘતી એક શિયાળણી પોતાના બચ્ચાંઓ સહિત અહીં આવી. પાછલા ભવમાં અવંતી સુકુમાલ મચ્છીમાર હતા ત્યારે આ શિયાળણી તેમની દ્વેષિલી સ્ત્રી હતી. પોતાના પૂર્વના દ્વેષના સંસ્કારને લઈને મુનિને જોતાં જ ઉપસર્ગ કરવા લાગી. એટલે તેણીએ પહેલાં પહોરમાં મુનિરાજનો એક પગ ખાધો અને તેના બચ્ચાંઓએ બીજો પગ ખાધો. એમ બીજા પહોરમાં સાથળ, ત્રીજા પહોરમાં ઉદર ખાધું છતાં મુનિરાજ તેની ઉપર લગાર પણ દ્વેષ ધારણ કરતા નથી. ઊલટા એમ વિચારે છે કે-હે જીવ ! આ શિયાળણી વગેરેની ઉપર તું સમતાભાવ ધારણ કરજે, ને કર્મની નિર્જરા કરવામાં તે સર્વને મદદગાર માનજે. જેમ (૧) પ્રભુ શ્રી પાર્શ્વનાથને કમઠના જીવ મેઘમાલી દેવે મૂશળધાર વરસાદ વરસાવી ઘોર ઉપસર્ગ કર્યો, પરન્તુ પ્રભુએ મેઘમાલી દેવની ઉપર તલભાર પણ દ્વેષ ધારણ ન કર્યો ને તેનું ભલું ચાહ્યું. (૨) શ્રમણ ભગવંત પ્રભુ શ્રી મહાવીરદેવે એક રાત્રિમાં ભયંકર વીશ ઉપસર્ગો કરનાર સંગમ દેવની ઉપર, તેજોલેશ્યા મૂકનાર ગોશાલાની ઉપર, પગે ડંખનાર ચંડકૌશિક સર્પની ઉપર દ્વેષ ન કરતાં તે સર્વ ઉપસર્ગ કરનારને કર્મ-નિર્જરાના સાધન માનીને શત્રુઓનું પણ ભલું ચાહ્યું. (૩) માથે માટીની પાળ બાંધીને ધગધગતા અંગારાની વેદના સહન કરનાર મહામુનિશ્રી ગજસુકુમાલે તે ઉપસર્ગના કરનાર સોમિલ બ્રાહ્મણને કેવલજ્ઞાન મેળવવામાં મદદગાર માન્યો. (૪) બગીચામાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા મહાબલ મુનિએ પોતાની ચારે બાજુ લાકડા ગોઠવીને સળગાવનાર નાકકટ્ટી રાણી કનકવતીની ઉપર દ્વેષ ન કરતાં ઘાતિ કર્મોનો ક્ષય કરાવનારી માની, (૫) મેતાર્ય મુનિવરે ઉપસર્ગ કરનાર સોનીનું ભલું ચાહ્યું તેમ આ શિયાળણી વગેરે ઉપસર્ગ કરનાર જીવોની ઉપર લગાર પણ અરુચિ ધારણ કરીશ નહિ, તે બધાનું ભલું ચાહજે. શત્રુનું બૂરું કરનારા જીવો દુનિયામાં ઘણા મળી આવશે, પણ ભલું ચાહનારા મહાપુરુષો વિરલા જ ( ગણત્રીના ) હોય છે. આવી ઉત્તમ વિચારણા કરતાં મુનિરાજ અંતિમ આરાધના આ પ્રમાણે કરે છે—૧ અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિ ભગવંતે કહેલ ત્રિપુટી શુદ્ધ જૈનધર્મ-આ ચારે પદાર્થો પરમ મંગલિક છે, લોકમાં પરમ ઉત્તમ છે, તે ચારેના શરણને અંગીકાર કરું છું. ૨ પ્રાણાતિપાતાદિ અઢારે પાપસ્થાનકોને વોસિરાવું છું. ૩ હું એક છું, મારું કોઈ નથી તેમજ હું પણ કોઈનો નથી. દુનિયાના તમામ પદાર્થો ક્ષણિક છે, મારો એક આત્મા શાશ્વતો છે, તે જ્ઞાન દર્શન ચારિત્ર ગુણે કરીને સહિત છે, બાકીના તમામ પદાર્થો બાહ્ય ભાવ છે, સંયોગ-સ્વરૂપવાળા છે; કારણ કે તે સર્વનો અમુક કાળે જરૂર વિયોગ થાય જ છે. તેવા બાહ્ય પદાર્થોને મેં મારા માન્યા, તેથી જ મેં આ ભવમાં તથા પરભવમાં દુઃખની પરંપરા ભોગવી છે. હવે હું તે સર્વ બાહ્ય પદાર્થોનો ત્યાગ કરું છું, હું સર્વવિરતિની આરાધના વગેરે સુકૃત કાર્યોની અનુમોદના કરું છું ને પરમ ઉલ્લાસથી હું ચાહું છું કે-મને એ ઉપસર્ગ કરનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવોને આ ભવથી માંડીને અંતિમ ભવ ( જે ભવમાં મોક્ષના સુખ મળે તે ભવ ) સુધીના વચલા ભવોમાં ભવોભવ અવિચ્છિન્નપ્રભાવશાળી, ત્રિકાલાબાધિત, મહાપ્રભાવશાળી શ્રી કેવલીપ્રણીત જિનધર્મ મળજો ને પરંપરાએ મોક્ષના સુખ મળજો. ૪ હું અરિહંતાદિની સાક્ષીએ મોહ અને અજ્ઞાનને વશ થઈને કરેલાં દુષ્કૃતની નિંદા–ગર્હા કરું છું. ૫ સર્વ જીવોને શુદ્ધ મન–વચન–કાયાએ કરીને હું ખમાવું છું ને ચાહું છું કે–તેઓ મને ખમે. ૬ હું મારા આત્માને અનિત્યાદિ બાર ભાવના તથા મૈત્રી–પ્રમોદ–કારુણ્ય–માધ્યસ્થ ભાવનાથી વાસિત કરું છું. ૭ પરસ્પૃહાને દૂર કરીને નિઃસ્પૃહભાવે હું નિજગુણરમણતારૂપ તરંગિણીના રંગતરંગમાં ઝીલનારા શ્રી પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ કરું છું. તે પૂજ્ય પુરુષોનું સ્મરણ કરવાથી વિભાવદશાનો ત્યાગ થઇ શકે છે, ને સ્વભાવદશાનો અનુભવ થાય છે. આ રીતે આરાધના કરતાં કરતાં મુનિ શ્રી અવંતી સુકુમાલ આ ભવનું આયુષ્ય પૂર્ણ કરી :નલિનીગુલ્મ વિમાનનાં દેવતાઈ સુખ પામ્યાં.

મહેલમાં પોતાના પતિને ન જોવાથી અવંતી સુકુમાલની સ્ત્રીઓએ આર્યસુહસ્તિસૂરિ મહારાજને પૂછતાં પતિની સંયમગ્રહણાદિ બીના જાણીને, તે વાત માતા ભદ્રાને જણાવી. પ્રભાત થતાં બત્રીશ સ્ત્રીઓ સહિત માતા ભદ્રા સ્મશાનમાં નૈઋત ખૂણે પુત્રના પડેલા ખંડિત કલેવરને જોઇને કરુણ સ્વરથી આ પ્રમાણે વિલાપ કરવા લાગ્યા: ‘હે પુત્ર! તેં સંયમ લીધું તેની હું સંપૂર્ણ અનુમોદના કરું છું, કારણ કે આર્ય માતાઓ એમ સમજે છે કે જે માતાઓના પુત્રો પરમ ઉલ્લાસથી જૈનેન્દ્રી પ્રવ્રજ્યાને સ્વીકારીને સંપૂર્ણ આરાધક બને છે તે માતાઓ રત્નકુક્ષિણી કહેવાય છે. જરૂર તેવા સંયમધારી પુત્રો માતાપિતાનાં કુળવંશને વિકાસિત કરે છે, પણ મને એટલો જ ખેદ થાય છે કે–તેં એક વાર મારે ઘેર આવીને મને ધર્મલાભ આપી મારા ઘરનું આંગણું પણ પવિત્ર ન કર્યું. હે પુત્ર! તેં અમારા ઉપરથી રાગ ઉતાર્યો, પણ તારા ગુરુની ઉપર પણ રાગ તજી દીધો કે જેથી અહીં આવીને રહ્યો? આ રીતે વિલાપ કરતાં ભદ્રા માતાએ સિપ્રા નદીના કાંઠે ઉત્તરક્રિયા ( અગ્નિસંસ્કારાદિ ) કરીને શુભ વૈરાગ્ય ભાવનાથી વાસિત થઇને કેદખાના સમાન સંસારનો ત્યાગ કરી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. એક ગર્ભવંતી સ્ત્રી સિવાય ૩૧ સ્ત્રીઓ સહિત માતા ભદ્રાએ આર્યસુહસ્તિસૂરિજી પાસે દીક્ષા અંગીકાર કરી અને પૂર્ણ ઉલ્લાસથી ગુરુણીની પાસે સંયમની સાત્ત્વિકી આરાધના કરવામાં તત્પર થયા.

તે ગર્ભવંતી સ્ત્રીએ અવસરે એક પુત્રને જન્મ આપ્યો. અનુક્રમે તે મોટો થયો ત્યારે પોતાના પિતાની યાદગીરી નિમિત્તે એક મંદિર બંધાવ્યું. તેમાં શ્રી પાર્શ્વનાથની અને અવંતી મુનિરાજની પ્રતિમા સ્થાપન કરી. કાળક્રમે તે મંદિર **મહાકાલ** પ્રાસાદ તરીકે પ્રસિદ્ધ થયું. આ બીના શ્રી પરિશિષ્ટ પર્વ, કુમારપાળપ્રતિબોધ, પ્રબંધચિંતામણિ, ઉપદેશસારાદિમાં વિસ્તારથી જણાવી છે. ૬૪. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મિક શક્તિ અને પાશવી શક્તિ

**મ**નુષ્યમાં આત્મિક શક્તિની સાથે જ પાશવી શક્તિ પણ કેટલાએક પ્રમાણમાં વિદ્યમાન હોય છે. જેટલા પ્રમાણમાં પાશવી શક્તિ વધુ જોવામાં આવે છે તેટલા પ્રમાણમાં તે મનુષ્ય કુળહીન, દયાહીન, જ્ઞાનહીન વિગેરે ગણાય છે. જરા જરા વાતમાં ઉશ્કેરાઇ જવું, ઘડી ઘડીમાં વિકારાધીન થઇ જવું તે તેઓનાં ચિહ્ન છે. ઇર્ષ્યા, દ્વેષ, પ્રપંચ વિગેરે દુર્ગુણોનું તેમનામાં બાહુલ્ય હોવાથી તે માણસના હાથે સારાં કાર્યો થવા મુશ્કેલ બની જાય છે અને તે માણસમાં હીનવૃત્તિ હંમેશ જાગૃત જ રહે છે. એટલા માટે જ એવો મનુષ્ય ધર્મકાર્યમાં નિરુપયોગી થઇ પડે છે. પ્રસંગવશાત્ એવા ધર્મના આચાર સાધવામાં અગ્રગણ્ય ગણાતા પુરુષોમાં પણ એ પાશવી શક્તિ વિલક્ષણ રીતે પ્રવૃત્ત થએલ જોવામાં આવે છે, ત્યારે તેનાં અનિષ્ટ પરિણામોનો પાર રહેતો નથી. બાહ્ય આચારમાં ત્યાગી થઇ અદેખાઇ, અંહકાર, કીર્તિલોભ, દ્વેષ, ઇર્ષ્યા વિગેરે ઘણા હીનગુણો પોતાનું કાર્ય વેગથી કર્યે જાય છે અને તેટલા પ્રમાણમાં આત્મિક શક્તિનો ત્યાં લોપ થએલો જણાય છે. એટલા માટે જ દરેક મનુષ્યે મનોમંથન કરતા શીખવું જોઇએ. એવા પ્રકારના મનોમંથનની ટેવ હશે તો પોતાના પાશવી ગુણો તરફ તેને ઘૃણા થયા વગર રહેશે નહીં અને કાળાંતરે આત્મિક ગુણોનો વિકાસ સધાયા વગર પણ નહીં રહે. અમુક શબ્દો હું બોલી ગયો, અમુક આચાર હું કરી ચૂકયો, અમુક સિદ્ધાંતો મારી વાણીમાંથી ખરી પડ્યા તે મારા માટે ઠીક નથી એમ પ્રતીત થયા છતાં તેને જ વળગી રહેવું એ જ પાશવી શક્તિનું પ્રમાણ ચિહ્ન છે. **भवंति नम्रास्तरव: फलागमैः** એ સિદ્ધાંત ભૂલી જવા યોગ્ય નથી. નમવાથી મોટાઇ પ્રગટ થાય છે. નહીં નમનારાની મોટાઇ ટકવી શક્ય નથી.

પાશવી શક્તિનો વિજય થએલો ક્ષણવાર જણાય છે પણ એ ધ્યાનમાં રાખવા જેવું છે કે—તે ખરેખર ક્ષણજીવી જ નીવડે છે. એકાદ મનુષ્યને કે મનુષ્યસમૂહને આપણે દ્રવ્યબળ, યુક્તિબળ કે શરીરબળથી હરાવીએ ત્યારે તે મનુષ્ય અગર સમૂહ હારી ગયો એમ જણાય છે, પણ પશુબળ કેળવવા માટે તે આમંત્રણ જેવું થઇ પડે છે. સામા માણસને ઉશ્કેરી બીજી રીતે પશુબળ કેળવવાનું ઉત્તેજન મળી રહે છે, અર્થાત્ પશુબળનો અંત આવતો નથી, પણ તેની પરંપરા એકસરખી વધતી જ જાય છે. પશુબળ સામે તો તીર્થંકરો, ઋષિઓ, સંતો જે રીતે લડ્યા એ જ ખરી લડાઇની રીતિ છે, જેના પરિણામે સામા પક્ષની પૂરી હાર થઇ અને તેઓ શત્રુભાવ મૂકી મિત્ર નહીં, પણ શિષ્ય બનવા પ્રેરાયા તેમજ વેરનો અંત આવ્યો. એ ખરી જીત કહેવાય. એક રાજાના દરબારમાં ઘણા દિવસથી શત્રુભાવે લડી રહેલા મુખ્ય સરદારો સંધી કરવા માટે આવ્યા તેમને જોઇ રાજાના કેટલાએક સરદારો ઉશ્કેરાઇ શત્રુઓ ઉપર હુમલો કરવા તૈયાર થયા, પણ મુખ્ય પ્રધાને તેમને સમજાવ્યા કે–તેઓ અત્યારે આપણા મિત્ર થવા આવેલા છે, તેમને આપણે આપણા પાશવી બળથી નહીં, પણ ઉદારતા, સજ્જનતા વિગેરે આત્મિક ગુણોથી જીતી લેવા જોઇએ; કે જેથી તેમના મનમાં આપણા માટે વેરભાવ રહે જ નહીં. એ વૃત્તિ દરેક કલહ કે સંઘર્ષણને પ્રસંગે કેળવવામાં આવે તો ઘણા કલહો આપમેળે શાંત થઇ જાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મિક શક્તિ એ ચિરકાળ ટકનારી વસ્તુ છે અને પશુશક્તિ એ ક્ષણજીવી છે, એ નિઃસંદેહ છે. આપણે હંમેશ શાંતવૃત્તિથી જ રહેવા માગીએ છીએ. ઘણા વખત સુધી જો કોલાહલ, કંકાસ કે ઉશ્કેરણી ચાલુ રહે તો આપણે કંટાળી જઇએ છીએ, એટલે આત્મિક ગુણો આપણને ગમે છે, પણ કોઇ કોઇ વખત પાશવી શક્તિ પોતાનું કાર્ય કરી પોતાનું અસ્તિત્વ પ્રકટ કરવા માટે દેખાવ દે છે ત્યારે મનુષ્ય સ્વત્વ ભૂલી જાય છે અને અનાત્મિક ગુણોને તાબે થઇ દંભ, ઇર્ષ્યા, અહંકાર વિગેરે અસ્વાભાવિક ગુણો પ્રગટ થાય છે અને ત્યારે જ તે પોતે આત્મા મટી અનાત્મા થયો હોય તેવો આભાસ ઉત્પન્ન કરે છે. મુક્તિના માર્ગમાં તેટલી વધુ આડખીલીઓ ઉત્પન્ન કરી મૂકે છે અર્થાત્ પોતાના જ હાથે પોતાનો નાશ નોતરે છે, માટે જ શાસ્ત્રકારોએ એવા અકસ્માતોથી બચવા અનેક ઉપાયો બતાવેલ છે. જૈનશાસ્ત્ર અનેકાંતવાદી છે અને આત્માના ક્ષયોપશમ પ્રમાણે તેના મુક્તિના માર્ગો તે નક્કી કરી શકે છે. માત્ર તેમાં એક સૂત્ર અનુસ્યુત હોવું જોઇએ કે–પાશવી શક્તિની જેમ બને તેમ મંદતા અને અંતે અભાવ થવા તરફ તેની પ્રવૃત્તિ ચાલુ રહે અને આત્મિક ગુણોનો વિકાસ સધાતો હોય.

દરેક ધર્મ–પ્રવર્તકોના અનેક અનુયાયીઓ થયા તેમાં આપણે તપાસી જોઇએ તો એમ થવા માટે મોટા પ્રમાણમાં પાશવી શક્તિનો અભાવ અને ક્ષમા, શાંતિ, સહનશીલતા વિગેરે આત્મિક ગુણોનો વિકાસ એ જ કારણભૂત થએલ છે. કોઇપણ પશુશક્તિના કાયમ ભક્તો બની શકતા નથી એ નિર્વિવાદ છે, કારણ તે ક્ષણજીવી હોય છે. રાવણ પશુબલમાં ઘણો શ્રેષ્ઠ હતો–તેણે પશુબલનો પૂર્ણ વિકાસ સાધેલો હતો, પણ આજે તેના ભક્તો કોઇ નથી, તેની પરંપરા વિકસી નથી, તેના અન્યાયોને કોઇએ વખાણ્યા નથી; પરંતુ તેના પ્રતિસ્પર્ધી ગણાતા રામચંદ્રના આજે ઘણા ભક્તો છે. તેને દેવતુલ્ય ગણનારા લાખો છે–કરોડો છે. મતલબ કે પાશવી ગુણો ગમે તેટલા ઉન્નત થએલા હોય, પણ તે છેવટ અલ્પજીવી જ બને છે.

પશુબળનો ઉપયોગ કેટલીએક વખતે આત્મિક વિકાસ માટે ક્ષમ્ય ગણાય છે. પોતાનો પુત્ર અવળે માર્ગે ચડી જાય, ભણે નહીં ને નહીં કરવાનાં કામો કરે તો બાપ તેને બળથી સજા કરી શકે, પણ તેની પાછળ પુત્રના કલ્યાણનો અખંડ ઝરો વહ્યા જ કરે છે. શિક્ષા એ એક બાહ્ય અને ક્ષણજીવી સાધન તરીકે વાપરવામાં આવે છે, તેમજ શિષ્યના આત્મવિકાસ અર્થે ગુરુ જો કોઇવાર સોટીનો ઉપયોગ કરે તો પણ ક્ષમ્ય ગણવામાં આવે છે. પણ સાથે સાથે ગુરુ ને શિષ્યની આત્મશક્તિ અને વિકાસક્ષમતાનું ભાન હોવું જોઇએ. શિક્ષા કરવાનો પોતાને અધિકાર છે એમ ગણી જો ગુરુ ચલાવ્યે જ જાય તો તેથી વિપરીત પરિણામો આવ્યા વગર રહેતાં નથી, માટે ગુરુની શિષ્ય ઉપર અખંડ કૃપા હોવી જોઇએ અને તેની લાયકાત મુજબ જ તેનો વિકાસ સાધવાની આવડત હોવી જોઇએ, તો જ ઇષ્ટ કાર્યસિદ્ધિ થઇ શકે.

મોટા કલહો જેવા કે—હાલમાં ચાલતું વિશ્વયુદ્ધ, એનાં મૂળ કારણો કેવાં હોય છે એની ચિકિત્સાને જાણનાર ઇતિહાસકારોએ, સમાજશાસ્ત્રીએ અને રાષ્ટ્રધુરિણોએ સારી રીતે કરી છે, તો પણ મુખ્યત્વે કરી તેમાં પશુબલનો અત્યંત વિકાસ અને તેટલા જ પ્રમાણમાં આત્મિક બળનો અવરોધ એ જ મુખ્ય કારણો છે એ સહુ કોઇને માન્ય થએલું સત્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાને, પોતાના રાષ્ટ્રને વધુમાં વધુ ઐહિક સુખ કેવી રીતે મળે એના અનેક સાધનો શોધતાં આવા વિગ્રહો ઉત્પન્ન થાય છે. એમાં પછી કેટલો સંહાર, કેટલો વિનાશ, કેટલો આત્મનાશ થાય છે ને આ બધું કોના માટે થાય છે તેની કોઇને દરકાર હોતી નથી. હાલમાં જે અખંડ મનુષ્યસંહારનું સત્ર ચાલી રહ્યું છે તેથી તેની કલ્પના આવી જાય છે, પણ આવા પાશવી શક્તિના ચાળાનો અંત તો છેવટ આવવાનો છે જ. એ કોઇપણ રીતે ચિરસ્થાયી તો ન જ થઇ રહે. ત્યારે તેમાંથી જે અનંત નિરાશાઓ, નિસાસાઓ, વેદનાઓનું ભાન થશે ત્યારે જ તેમને આ માનવસંહારની ભયંકરતા પ્રતીત થશે, પણ એ બધું બહુ મોડું થએલું ગણાશે. અત્યારે પણ શાંતિની ઝંખના તો દેખાયા જ કરે છે, આત્મા પોતાના ગુણનું ભાન કરાવ્યા કરે છે, પણ પેલા પશુબળ આગળ અત્યારે આત્મબળ ઝાંખું પડી ગએલું જણાય છે. અહિંસા એ આત્માનો ઉચ્ચ ગુણ છે એ વાતને હાલના જડવાદી હસી કાઢે છે અને એ કલ્પના પણ એમને મન બાલીશ જણાય છે પણ નિસર્ગ એવો ફટકો લગાવી રહેલ છે કે–જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત જે અહિંસાવાદ તેને હસી કાઢનારા છેવટ તેમાં જ શાંતિ જોશે. હાલના વિગ્રહમાં દ્વેષની ભાવના એટલી પ્રબળ થઇ રહેલી છે કે–એનો અંત શી રીતે આવશે અને મૈત્રી ભાવના કેવી રીતે પ્રગટ થશે એ એક ગૂઢ પ્રશ્ન છે, પણ તેનો સાચો ઊકેલ કરવો હોય તો અહિંસાનો આશરો લીધા વિના ચાલે એમ છે જ નહીં. લોહીથી ખરડાએલ વસ્ત્ર કોઇ લોહીથી ધોવા માગે તો તેનું તેવું કરવું મૂર્ખાઇભરેલું થશે. લોહીથી ખરડાએલ વસ્ત્રને તો શુદ્ધ પાણીથી જ ધોવું પડશે. તે વિના છૂટકો નથી. તેમ પાશવી બળનો નાશ કરવો હોય તો તેને માટે પાશવી બળ તદ્દન નકામું છે, તે માટે શુદ્ધ આત્મિક બળનો જ ઉપયોગ કરવો પડશે.

મહાયુદ્ધની કથા જ્યારે લોકો વાંચે છે ત્યારે અમુક પક્ષના જયથી રાજી થાય છે અને તેનો પરાજય જોતાં નારાજ થઇ જાય છે. અને જાણે પોતે જ તેમાં એક પક્ષકાર હોય તેમ જયપરાજયનો તોલ કરવા બેસી જાય છે. એમ કરવામાં આપણે કેવી ખોટી અનુમોદના કરીએ છીએ અને આપણે પોતે પશુબળથી કેવા તણાઇ જઇએ છીએ તેનો વિચાર પણ કરતાં નથી. જ્યારે જ્યારે જગતમાં વિગ્રહો થયા છે ત્યારે ત્યારે આત્મિક બળ અને પાશવી બળના જ એ સંઘર્ષણો થયાં હતાં એ સમજી રાખવું. ભારતીય યુદ્ધ કૌરવ પાંડવો વચ્ચે થયું એમાં બીજું શું જોઇ શકાય છે ? એક બાજુ સત્ય પક્ષ અને છતાં નબળો પક્ષ અને બીજી બાજુ અસત્ છતાં પ્રબળ પશુબળ યુક્ત પક્ષ. એનું શું પરિણામ આવ્યું તે આપણે જાણીએ છીએ. રામ રાવણના યુદ્ધમાં એ જ નમૂનો જોવામાં આવે છે. યાદવો પોતાનાં દુષ્કૃત્યોથી અર્થાત્ પશુબળમાં તણાઇ જવાથી નાશ પામ્યા. આ વિશ્વયુદ્ધમાં પણ બીજાને કચરવા માટે નહીં પણ સમાનતા એટલે જૈનધર્મનો જે સિદ્ધાંત છે તેને કેળવવા માગશે તે જ વિજયી થશે એ નિર્વિવાદ છે, માટે દરેક મનુષ્યે પશુબળ તરફ તણાવવાનું બંધ કરી આત્મિક બળ કેળવવાનો પ્રયત્ન કરવો એ યોગ્ય છે.

શ્રી બાલચંદ હીરાચંદ–માલેગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરવિલાસ

(૧૪[1])

[2]કમઠ કહે સુણો રાજવી !, તુમે અર્થ એલાવો;
યોગી કે ઘર હૈ બડે, મત કો બતલાઓ.

કમઠ અથવા કઠ નામનો તાપસ પંચાગ્નિ તપ કરતો હતો. આકરી તપસ્યા કરવા છતાં એને બાહ્ય તપનો જ ખ્યાલ હતો. એની પૂજા કરવા કાશીના અનેક નર નારીઓ ટોળે મળીને જતા હતા. પાર્શ્વકુમાર ત્યારે યુવરાજ હતા. ઝરુખામાં બેસી લોકચર્યા જોતા હતા. લોકચર્યા દરમિયાન એક દિવસ એક નોંધી લેવા જેવો બનાવ બને છે. એને સંભાષણના રૂપમાં પં. શ્રી વીરવિજયે આ પૂજામાં ભારે ખૂબીથી રજૂ કર્યો છે. એક મેળાવડા માટે સંભાષણરૂપે આ પ્રસંગને મેં કાયમ કર્યો હતો તે જનતાના ઉપયોગ માટે અત્ર સંવાદરૂપે રજૂ કરું છું. જાહેર મેળાવડામાં સંભાષણ કે સંવાદરૂપે એનો ઉપયોગ થઇ શકે તેમ છે.

( **સ્થળ**—વાણારસી નગરીની બહાર બગીચો. કમઠ યોગી પંચાગ્નિ તપ કરતો દેખાય છે. મોટી ધૂણી ધખાવી છે. ચારે બાજુ બળતાં લાકડાં છે. વચ્ચે જોગીરાજ બિરાજે છે. માથે સૂર્ય ધખે જાય છે. અનેક સ્ત્રી પુરુષો હાથમાં પૂજા-સામગ્રી લઇ ત્યાં આવતાં દેખાય છે. પાર્શ્વકુમાર ફરતાં ફરતાં પોતાના અનુચરો સાથે ત્યાં આવી ચઢે છે. )

**પાર્શ્વકુમાર**—" આ બધો લોકોનો પ્રવાહ બગીચામાં કેમ જાય છે ? "

**૧ લો અનુચર**—" એ સર્વ પૂજા કરવા જાય છે. "

**પાર્શ્વકુમાર**—" કોની પૂજા કરવા જાય છે ? "

**૧ લો અનુચર**—" અહીં એક કમઠ નામના યોગી આવ્યા છે તેની."

**પાર્શ્વકુમાર**—" એ યોગી કોણ છે ? "

**૧ લો અનુચર**—" એ યોગી રાતદિવસ મહાતપ કરે છે. એ પોતાની ચારે બાજુ બળતાં લાકડાં રાખે છે અને તેની વચ્ચે બેસી રહી ધ્યાન કરે છે. "

**પાર્શ્વકુમાર**—" એ રાત દિવસ પોતાની જગ્યાએથી ખસતો જ નથી ? "

**૨ જો અનુચર**—" એ **પંચાગ્નિ** તપ કરે છે. "

**પાર્શ્વકુમાર**—" પંચાગ્નિ તપ એટલે શું ? "

**૨ જો અનુચર**—" ચારે દિશાએ અગ્નિ સળગતો રહે અને માથે સૂર્ય તપતો રહે એનું નામ પંચાગ્નિ તપ કહેવાય છે. "

---

૧. આ વીરવિલાસના લેખની સંખ્યામાળા છે. દરેક લેખ સ્વતંત્ર હોઇ આગળના લેખની સહાય વગર વાંચી શકાય છે. એને પૂર્વના લેખ સાથે કાંઇ અનુસંધાન નથી.

૨. પં. શ્રી વીરવિજયજીની પંચકલ્યાણકની જન્મકલ્યાણ કે પાંચમી ચંદનપૂજાની નવમી ગાથા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પાર્શ્વકુમાર**—" ચાલો, આપણે જઇને જોઇએ તો ખરા ! "

**૨ જો અનુચર**—" હાજી ! આપ પધારો. એ તાપસની નજીક સર્વ કોઇ જઇ શકે છે. આપને ચારે બાજુ બળતાં અગ્નિની ગરમી ઘણી લાગશે."

**પાર્શ્વકુમાર**—" કંઇ અડચણ નહિ."

**પાર્શ્વકુમાર**—(સ્વતઃ) લોકોની ગતાનુગતિકતા પણ જોવા જેવી છે ! બિચારા એક એકની પાછળ ગાડરની જેમ ચાલી નીકળ્યા છે. એને કોઇ જાતનો વિચાર નથી, દીર્ઘ નજર નથી, પરિણામનો ક્યાસ નથી. (દૂરથી અગ્નિનાં બળતાં લાકડાં વચ્ચે કમઠ યોગી અને ભક્ત લોકોનાં ટોળાંને જોઇ) આણે જમાવી તો ભારે લાગે છે ! લોકોનાં ટોળાં બહાર ઊભાં છે તેમાંથી કોઈ નગરજન કુમારને જોઇ તેમની સાથે વાતે વળગે છે.

**પાર્શ્વકુમાર**—" આ બધું શું ચાલી રહ્યું છે ? "

**નગરજન**—" અમે તો આ મહાયોગીની પૂજા કરીએ છીએ."

**પાર્શ્વકુમાર**—" પણ શેની પૂજા કરો છો ? કાંઇ વિચાર કર્યો ? "

**નગરજન**—"એ તપ તપે છે તેની."

**પાર્શ્વકુમાર**—" પણ એ તો અજ્ઞાન તપ કરે છે, એ હઠયોગ છે, એ હિંસામય છે. એની પૂજા હોય ? "

**નગરજન**—" સાહેબ ! સૌ ચાલી નીકળ્યા છે. અમે પણ તેની પછવાડે ધનની, પુત્રની, આરોગ્યની અને એવી એવી આશાએ આવી ચઢયા છીએ."

**પાર્શ્વકુમાર**—"એવી આશાથી પૂજા કરવી કે દયા વગર યોગ કરવો એ તો અજ્ઞાન છે."

***પાર્શ્વકુમાર**—" અરે યોગી ! આ શું માંડી બેઠા છો ? " (વાત કરતાં કરતાં યોગીની નજીક પહોંચે છે.)

**કમઠ યોગી**—" આવું પૂછનાર તું કોણ છે ? "

**નગરજન**—" મહારાજ ! એ તો બનારસના રાજાધિરાજ મહારાજા **અશ્વસેન**ના પુત્ર યુવરાજ પાર્શ્વકુમાર છે."

**કમઠ**—" કુમાર ! તારું કામ કર. તું આ વાતમાં શું સમજે ? "

**પાર્શ્વકુમાર**—" મહારાજ તમે તો **અજ્ઞાન** કષ્ટ આદરી બેઠા છો. એમાં કાંઇ વળે નહિં. રસ્તા પર આવી જાઓ. "

**કમઠ**—" અજ્ઞાનમાં કે જ્ઞાનમાં તું શું સમજે ? યોગીનાં ઘર તો જુદાં હોય છે. જાઓ, ઘોડા ખેલાવો અને મોજ માણો. (જમીન તરફ હાથ બતાવીને) પછી તમારે માટે પાતાળમાં સ્થાન છે. "

---

* રાજકુમારની ભાષાસભ્યતા અને કમઠ યોગીની તોછડાઇ નોંધવા લાયક છે. તે ઊતરી આવેલ સંપ્રદાય પ્રમાણે છે અને તે અસલ આકારને અનુસરી આ સંભાષણની યોજના કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પાર્શ્વકુમાર**—" આ અજ્ઞાન કષ્ટ કરીને ક્યાં જવા ધાર્યું છે ? "

**કમઠ**—" વળી જ્ઞાન અને અજ્ઞાનની વાત કરે છે ? તું તારે મોજ માણ, શિકાર કર અને રાજેસરી થઇ અંતે નરકેસરી થા. "

**પાર્શ્વકુમાર**—" પણ દયા ધર્મનું મૂળ છે તે સમજો છો ? "

**કમઠ**—" અરે હા ! પણ તું ખાલી લમણાઝીક કેમ કરી રહ્યો છે ? "

**પાર્શ્વકુમાર**—" અજ્ઞાન તપમાં આત્મા પૂરી પ્રગતિ ન કરી શકે એ જાણો છો ? "

**કમઠ**—" હવે નાને મ્હોઢે મોટી વાતો ન કર. તું દયામાં અને યોગમાં સમજે શું ? "

**પાર્શ્વકુમાર**—" વાત ઉડાવો નહિ. દયા ધર્મનું મૂળ છે એ કબૂલો છો ? "

**કમઠ**—" હા ભાઇ ! કબૂલ છે–હજાર વાર કબૂલ છે ! પણ હવે તું કોઇ રીતે તારે રસ્તે પડશે ? "

**પાર્શ્વકુમાર**—" આ તમે અજ્ઞાન કષ્ટ કરી દેહદમન કરો છો, એમાં કાંઇ સાર નથી. એમાં તો દયાના મૂળિયાં બળી જાય છે. "

**કમઠ**—" અને જાણ્યા સમજ્યા વગર અજ્ઞાન કષ્ટની શી વાતો કરી રહ્યો છે ? "

**પાર્શ્વકુમાર**—" આત્માને ઓળખ્યા વગર, હેતુ સમજ્યા વગર, પરિણામ જાણ્યા વગર માત્ર શરીરને દમવું એ અજ્ઞાન કષ્ટ કહેવાય. "

**કમઠ**—" ત્યારે મોટી મોટી વાતો કરે છે તે **આત્મા** ક્યારે જાણ્યો કહેવાય ? આવડતું હોય તો કહે જોઇએ. "

**પાર્શ્વકુમાર**—" આ દેહથી આત્મા પર છે. એને બાહ્ય સંબંધો થયા છે તે ઉપાધિથી થયેલા છે–તેનો સર્વથા સંબંધ દૂર થાય તેવો પ્રયત્ન સમજણપૂર્વક થાય તે જ્ઞાન; એથી ઊલટી પ્રવૃત્તિ થાય તે અજ્ઞાન કષ્ટ. "

**કમઠ**—" શરીરને કષ્ટ આપવાથી આત્મા ઉપાધિમુક્ત ન થાય ? "

**પાર્શ્વકુમાર**—" સમજણપૂર્વક હોય તો એ પણ સાધન છે, પણ તમારું તો તદ્દન–અજ્ઞાન કષ્ટ છે અને સાથે હિંસામય હોવાથી આત્માને સંસાર સાથે જોડનાર છે. "

**કમઠ**—" તું કેમ જાણે છે કે મેં આત્માને ઓળખ્યો નથી ? "

**પાર્શ્વકુમાર**—" કારણ કે તમારી સર્વ ક્રિયા હિંસાથી ભરપૂર છે. "

**કમઠ**—" હિંસા હોય ત્યાં ધર્મ ન જ હોય એમ તારું કહેવું છે ? "

**પાર્શ્વકુમાર**—" એ તો સર્વમાન્ય સિદ્ધાંત છે. સર્વ જીવની–કોઇ જીવની હિંસા ન કરવી એ બાબતમાં સર્વ ધર્મો એકમત છે. "

**કમઠ**—" એ વાત ખરી, પણ હું હિંસા કરું છું એમ તું શા પરથી કહે છે ? "

**પાર્શ્વકુમાર**—" આ તમારા અગ્નિકુંડથી અનેક ત્રસ જીવો અગ્નિમાં પડી આહુતિ આપે છે તે લોકો અને તમે જોઇ રહ્યા છો. અને આ લાકડામાં પણ જીવ છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમઠ—" જવા દે તારું ડહાપણ. લાકડું તો નિર્જીવ છે."

**પાર્શ્વકુમાર**—" લાકડું અજીવ છે તે ખરૂં, પણ મેં કહ્યું કે **લાકડામાં જીવ છે.**"

**કમઠ**—" ભારે મોટો જ્ઞાની થઈ ગયો ! આ કપાયલા સૂકા લાકડામાં વળી જીવ કેવો ?"

**પાર્શ્વકુમાર**—" તમારે જોવો હશે તો બતાવીશ, પણ તમે **દ્રવ્ય** દયા અને **ભાવ** દયા વચ્ચેનો તફાવત જાણો છો ?"

**કમઠ**—" વળી પાછું ભાષણ ચલાવ્યું ? લાકડામાં જીવ છે તે બતાવ અને પછી બીજી વાત કર."

**પાર્શ્વકુમાર**—" અરે પણ તમે **સ્વરૂપ** દયા અને **અનુબંધ** દયા વચ્ચેનો તફાવત જાણો છો ?"

**કમઠ**—" વળી વાચાળપણું ચલાવ્યા કરે છે ? મોટો જ્ઞાની થઇ ગયો છે એમ દેખાડે છે તો લાકડામાં જીવ બતાવ."

**પાર્શ્વકુમાર**—" પણ તમે **સ્વદયા** અને **પરદયાનો** તફાવત જાણો છો ?"

**કમઠ**—" અરે ભાઇ ! મારા સવાલને ઉડાવ નહિ. આ લાકડાંમાં જીવને બતાવ અને નહિ તો ઘોડા ખેલાવતો રસ્તે પડી જા. આ યોગીના ઘરની વાતોમાં તું શું સમજે ?"

**પાર્શ્વકુમાર**—" આ અનેક માખી, મગતરાં વિગેરે અગ્નિમાં પડી કાયાને ભસ્મીભૂત કરે છે તે તો આપ દેખો છો ને ?"

**કમઠ**—" એ વાત જવા દે. લાકડાંમાં જીવ ક્યાં છે તે બતાવ, અને નહિં તો હવે ચાલતો થા. મારા જાપમાં અંતરાય પાડવો બંધ કર."

**પાર્શ્વકુમાર**—" જુઓ તમે **નિશ્ચય** દયા અને **વ્યવહાર** દયા સમજ્યા નથી, તમે ધ્યેયની સ્પષ્ટતા વગર કાયાકષ્ટ કરી રહ્યા છો અને જનમનરંજનમાં ધર્મ મનાવવામાં રાચો છો. જરા સાચી વાત સમજો અને આ દુનિયાની છેતરપીંડીને છોડો."

**કમઠ**—" ( ક્રોધમાં ) નાને મ્હોઢે મોટી વાત ન કર. યોગીના ઘરની વાત મોટી છે, ગંભીર છે, ગહન છે, તે તું સમજી શકે નહિં. તારો મત શું છે તે જણાવ અને કાષ્ઠમાં જીવ છે તે સાબિત કર અને નહિં તો તારે રસ્તે ચાલ્યો જા."

**પાર્શ્વકુમાર**—" અરે યોગી ! તમારા એવા ગુરુ કોણ જેણે તમને આવો ધર્મ બતાવ્યો છે. આમાં તો કાયાકષ્ટ જ છે, ખાલી દેહવ્યથા છે. ખરો ધર્મ તમને ઓળખાવ્યો નથી."

**કમઠ**—" અમારા ગુરુ ધર્મને બરાબર ઓળખે છે, પોતાની પાસે એક કોડી પણ રાખતાં નથી, દુનિયાની દશા ભૂલી ગયા છે અને વનમાં જ રહે છે. તું આવી વાતમાં સમજે શું ?"

**પાર્શ્વકુમાર**—" વનમાં તો પશુ પંખી પણ રહે. વાસ્તવિક રીતે તમે યોગી નથી પણ ભોગી છો, સંસારના સંગી છો. તમે ખરા યોગને જરા પણ ઓળખ્યો નથી."

**કમઠ**—" તું શું સમજ્યા વગરની વાત કરે છે ? સંસારને બૂરો જાણીને તેનો ત્યાગ કરી જોગીઓ જંગલમાં વસે છે, જંગલને સેવે છે અને સાચો ધર્મનો સાર તેમણે જ સાંભળ્યો છે."

For Private And Personal Use Only

**પાર્શ્વકુમાર**—" પણ મહારાજ ! ધર્મનું મૂળ તો દયા છે એ તો તમે હમણાં સ્વીકારી ગયા. આટલી વાત પણ ન જાણો અને છતાં ગુરુ પાસેથી કાન ફુંકાવવા માત્રથી–ગુરુમંત્ર લેવાથી ધર્મી થઇ ગયા એમ માનો એમાં વળ્યું શું ? "

**કમઠ**—" તું પણ બકવાદે ચઢ્યો છે, લાકડામાં જીવની વાતો કરે છે. અમે દયા પાળતા નથી એવું જાણતો હો તો બતાવ, ખાલી વાતો કરી મારા તપમાં ભંગ પડાવવાથી શું ?"

**પાર્શ્વકુમાર**—" અરે યોગી મહારાજ ! તમારા ગુરુએ તમને ખરો ધર્મ બતાવ્યો નથી, માત્ર સુખ મેળવવા ખાતર કાયાકષ્ટ જ શીખવ્યું જણાય છે. એમાં ખરો ધર્મ સમજાયો નથી. આ તો ખરી રીતે યોગને જ સળગાવી રહ્યા છો ! જરા સમજો અને અર્થ-પરિણામ વગરના દેહદમનને છોડો ! "

**કમઠ**—" તું ઘોડા ખેલાવી જાણનાર રાજવી ધર્મમાં અને યોગમાં સમજે શું ? પોતાનો મત પણ બતાવતો નથી અને લાકડામાં જીવની વાતો કરે છે. તારે રસ્તે પડી જા અને સમજ્યા વગરની માથાકૂટ છોડી દે. "

**પાર્શ્વકુમાર**—" તમે જંગલમાં રહો કે વસ્તીમાં રહો, જ્યાં સુધી દયામય ધર્મને ઓળખતાં નથી, ચેતનને પારખતાં નથી, બાહ્ય કષ્ટ અને આત્માની પ્રગતિનો સંબંધ જાણતાં નથી અને માત્ર દેહદમનમાં માનો છો ત્યાં સુધી તમારો તપ ફોકટ છે, નિષ્ફળ છે, માયાવી છે."

**કમઠ**—" અમને લાગે છે કે તારું ભાષણ પૂરું થશે જ નહિ. મેં અનેક વાર સવાલ કર્યો કે અમારા ધર્મમાં ભૂલ બતાવ, લાકડામાં જીવ બતાવ અને અમે દયા પાળતાં નથી કે જાણતાં નથી તે સાબિત કર. ખાલી ડાકડમાક બોલવાથી કે વાણીવિલાસ કરવાથી શું ? "

**પાર્શ્વકુમાર**—" એમજ છે તો જુઓ. "

બાદ સેવકને હુકમ કરી બળતા લાકડામાંથી એક લાકડું ખેંચી કઢાવે છે. તેને સેવક પાસે ચીરાવી તેમાંથી જેનું શરીર બળી રહ્યું છે તેવા એક સર્પને બહાર કઢાવે છે. મૃત્યુ સન્મુખ પડેલા સર્પને સેવક–મુખે નમસ્કારમંત્ર સંભળાવે છે, જેના પ્રભાવથી સર્પ મરણ પામી ધરણેંદ્ર થાય છે. આ સર્વ બનાવ નજરે જોઇ કમઠ તાપસ ખસીઆણો પડી જાય છે, જનતામાં પ્રતિષ્ઠાહીન થઇ જાય છે અને પોતાને લોકસમૂહ વચ્ચે હલકા પાડનાર પાર્શ્વકુમાર તરફ દ્વેષી બની જાય છે.

આખા સંભાષણમાં ઉપરનું વિલાસ ગેય કાવ્ય રજૂ થઇ ગયું. આ ચિત્ર અતિ મનોજ્ઞ છે. જાહેર રસ્તા પર કમઠની ધૂણી અને ઘોડા પર બેઠેલ રાજકુમાર પાર્શ્વકુમાર કલ્પવા યોગ્ય છે. હજારોની મેદની સમક્ષ તાપસ અને રાજકુમાર વચ્ચે થયેલ વાર્તાલાપ વિચારવા યોગ્ય છે. જાહેરમાં થયેલ ચર્ચામાં યોગીનો અહંભાવ અને પાર્શ્વકુમારની સભ્ય ભાષા ખ્યાલમાં રાખવા યોગ્ય છે. આખો પ્રસંગ ચિત્રપટને શોભાવે તેવો અને હૃદયંગમ હોઇ સ્થાયી કરવા યોગ્ય જણાતાં અત્ર તેનો પુનરુદ્ધાર કર્યો છે.

**મૌક્તિક**

---

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાંગતાં તો ઘણાને આવડે છે પણ સાંધતાં કેટલાને આવડે છે ?

એક માસિકના ટાઇટલ ઉપર ઉપરની મતલબનું વાકય વાંચી તે વાકય સંબંધી લેખ લખવાની ઊર્મિ જાગતાં આ લેખ લખ્યો છે.

એક કુટુંબમાં, મિત્રમંડળમાં, જ્ઞાતિમાં, સંસ્થામાં, સમુદાયમાં, પ્રજાવર્ગમાં તેમજ રાજા–રાજામાં ભંગ પડાવતાં તો ઘણા મનુષ્યોને આવડે છે પરંતુ જ્યાં જ્યાં ભંગ પડેલ હોય ત્યાં ત્યાં યુક્તિ–પ્રયુક્તિથી સમજાવી એકતા કરાવનાર કેટલા હોય છે તેનો વિચાર કરતાં એવી જનસંખ્યા બહુઅલ્પ લાગે છે.

એક કુટુંબમાં સંપ ચાલતો હોય તેમાં એક પુરુષ કે સ્ત્રી એવા ઉત્પન્ન થાય કે તે ચાલતા સંપને તોડાવી કુટુંબની એકતાવાળી સ્થિતિને છિન્નભિન્ન કરી નાખે છે.

એક મિત્રમંડળમાં કોઇ એવો મનુષ્ય દાખલ થઈ જાય છે કે તે મિત્રમંડળના ચાલતા સંપમાં આડુંઅવળું સમજાવી સંપ તોડી નાખે છે ને પરસ્પર દ્વેષી બનાવી દે છે.

એક જ્ઞાતિમાં કોઇ એવો મનુષ્ય જન્મે છે કે જે નવા પ્રકારનો વિપ્લવ ઊભો કરી, જ્ઞાતિના સંપમાં ભંગ પડાવી તેની એકતાનો નાશ કરે છે અને શરમાવા જેવી સ્થિતિ કરી મૂકે છે.

કોઇ સંસ્થામાં અથવા કોઇ મંડળમાં એક એવો સભ્ય દાખલ થાય છે કે જે સંસ્થાની સુબદ્ધ સ્થિતિમાં ભંગ પડાવી બે ભાગ પડાવી દે છે અને એની થતી ઉન્નતિને છેદી નાખે છે.

એક શ્રાવક સમુદાયમાં અથવા સાધુ સમુદાયમાં અથવા એક ગચ્છમાં કોઈ એવો મહાપુરુષ (?) જાગે છે કે તે સમુદાયની સ્થિતિને નવા નવા ઝગડા ઉત્પન્ન કરીને છિન્નભિન્ન કરી નાખે છે અને પોતાનું વર્ચસ્વ જમાવવા તત્પર થાય છે. એવી સ્થિતિ જોતાં હૃદયમાં બહુ ખેદ થાય છે, તેવા મનુષ્ય માટે દયા ઉપજે છે અને આવા કૃત્યથી કેટલી હાનિ, કેટલો કર્મબંધ અને કેટલો ધર્મકાર્યમાં ભંગ થાય છે તેનો વિચાર કરતાં તે ટાળવાની શક્તિ ન હોવાથી હૃદયમાં ખેદ થયા કરે છે.

પ્રજાવર્ગમાં પણ એક અથવા વધારે મનુષ્યો એવા ઉત્પન્ન થાય છે કે તે પ્રજાવર્ગમાં ભેદ પડાવી પરસ્પરના વિદ્વેષી વર્ગ ઊભા કરે છે અને તેવા પ્રકારની પોતાની શક્તિ જોઇને મનમાં રાજી થાય છે, પરંતુ તેથી થયેલી હાનિમાં અને તેની ચાલતી શ્રેણીનો વિચાર કરતાં નથી.

રાજ્ય રાજ્ય વચ્ચે પણ એવા ભેદ પડાવનારા અધિકારીઓ ઉત્પન્ન થાય છે કે જે પોતાની શક્તિનો ઉપયોગ રાજ્ય રાજ્ય વચ્ચે ભેદ પડાવવામાં કરે છે અને પ્રથમ દરજ્જે તેનો લાભ મેળવવા ઇચ્છે છે. એવો લાભ મેળવે પણ છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ પરિણામે તેને હાનિ જ પ્રાપ્ત થાય છે પરંતુ તે હાનિ જોવા માટે તેના અંતરંગ નેત્રો ખુલ્લાં હોતાં નથી–તેનાં નેત્રો જ મીંચાઈ જાય છે.

અત્યારે આપણા જૈન સમુદાયમાં એવો ભંગ પડાવનાર મહાપુરુષો જાગ્યા છે. તેઓએ અમુક વિષયને અંગે કલેશના કારણો જગાવી એક ગામમાં, એક કુટુંબમાં, એક ઘરમાં ભંગ પડાવી દીધા છે અને તેવી સ્થિતિ જોઈને સહૃદય જનોનું હૃદય કંપી ઊઠે છે, આમાં કેટલો કષાયનો ઉદ્‍ભવ છે, કેટલું આર્ત્તધ્યાન છે, કેટલો કર્મબંધ છે અને તે પોતે કરે છે ને બીજાને કરાવે છે તેનો વિચક્ષણ છતાં વિચાર કરતાં નથી. આવી બાબત જોઇને ઘણા શાણા મનુષ્યો ચિંતાતુર જણાય છે, પરંતુ નિરુપાયપણું જણાતાં મૌન સેવે છે. આ બાબત શાસનના સ્થંભરૂપ ગણાતા આચાર્યાદિકે ખાસ ધ્યાન આપવા જેવી છે. તેમણે ઉપેક્ષા કરવી યોગ્ય નથી, કેમકે આમ ચાલશે તો આખરે કઈ સ્થિતિએ પહોંચશું તેની કલ્પના થઇ શકતી નથી. કુંવરજી

## બચાવ પક્ષ સાંભળ્યા સિવાય ઇન્સાફ આપી દેશો નહીં

કેટલાક માણસો એકતરફી હકીકત સાંભળીને તરત જ તેનો ઈન્સાફ આપી દે છે, પરંતુ તેમાં ઘણી વખત ભૂલ થાય છે. એક નોકર મોડો આવ્યો. કામ વખતે હાજરી ન આપી શકયો તેનું કારણ જાણ્યા સિવાય તેને શિક્ષા કરી દેવી એ કોઇ પણ રીતે વ્યાજબી નથી. કારણ કેટલીક વખતે સામાનો બચાવ એવો મજબૂત હોય છે કે આપણે આપણો નિર્ણય ફેરવવો જ પડે. પરંતુ ઉતાવળે ઇન્સાફ આપી દેનાર અથવા તાત્કાળિક શિક્ષાનો અમલ કરનારને પાછળથી ઘણો પશ્ચાત્તાપ કરવો પડે છે, પરંતુ પછી કેટલીક વખત થઇ ગયેલી બાબત સુધરી શકતી નથી. આ બાબત ઘણાં દૃષ્ટાંતો આપણી નજરે જોયેલાં હોય છે, છતાં આપણે તેવી જ ભૂલ કરીએ છીએ. લોકો પણ કહે છે કે—'ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.' માટે સમજુ માણસોએ કોઇપણ બાબતમાં ઉતાવળ ન કરતાં સામા માણસનો બચાવ નિવૃત્તિથી સાંભળવો.

એક નોકરની સ્રીને વધારા પડતો મંદવાડ થઇ ગયેલ હોવાથી તે મોડો આવ્યો. શેઠે તેનો બચાવ ન સાંભળતાં અત્યંત ઠપકો આપ્યો. તે નોકરી પર રોકાયો ને મોડો ઘેર ગયો ત્યાં તેની સ્ત્રી મરણ પામી હતી. શેઠે તેની તપાસ કરાવતાં એ હકીકત જાણવાથી તેને બહુ ખેદ થયો, પણ ગઇ તે તો ગઇ. ત્યારથી શેઠે પ્રતિજ્ઞા કરી કે હવે પછી સામાની દલીલ સાંભળ્યા સિવાય ઇન્સાફ આપી દેવો નહીં.

ઘણા ન્યાયાધીશો પણ આવી ઉતાવળ કરે છે, પરંતુ તેનું પરિણામ બહુ અનિષ્ટ આવેલું જાણીને પસ્તાય છે, માટે આટલા ઉપરથી સુજ્ઞજનોએ કોઇપણ બાબતમાં એકતરફી હકીકત સાંભળીને વિચાર બાંધવો નહીં, તેમજ તેવી કાચી વાત કોઇને કહેવી નહીં. કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર-માસ્તર હિંમતલાલ લાલચંદ-પેથાપુર )

**પ્રશ્ન** ૧—ગુરુમહારાજના ફોટાને કૃતિકર્મ થાય ?

**ઉત્તર**—ખમાસમણુ દેવાય, વંદણારૂપ ક્રિયા ન કરાય.

**પ્રશ્ન** ૨—ક્ષુદ્ર જંતુઓનો ઉપદ્રવ વિશેષ હોય તો પાટ-પાટલા ઉપર બેસીને સામાયિક થાય ? તેમજ વિદ્યાભ્યાસ કરાય ?

**ઉત્તર**—સકારણુ એમ કરવામાં વાંધો લાગતો નથી.

**પ્રશ્ન** ૩—પ્રતિપદાએ પાઠશાળા બંધ કેમ રખાય છે? તેને માટે શાસ્ત્રમાં નિષેધ છે?

**ઉત્તર**—એ બ્રાહ્મણાદિકનું અનુકરણ છે. તેઓએ આ પ્રથા દાખલ કરી દીધેલ છે. શાસ્ત્રમાં નિષેધ નથી.

**પ્રશ્ન** ૪—શાસ્ત્રાભ્યાસ પૂર્ણિમા કે અમાવાસ્યાએ થાય ?

**ઉત્તર**—થઈ શકે. એનો નિષેધ જાણ્યો નથી.

**પ્રશ્ન** ૫—શાસ્ત્રાભ્યાસ માટે કઇ કઈ તિથિનો નિષેધ છે ?

**ઉત્તર**—સામાન્ય શાસ્ત્રાભ્યાસ માટે નિષેધ જણાતો નથી.

**પ્રશ્ન** ૬—મનુષ્ય ગર્ભમાં ૧૨ કે ૨૪ વર્ષ રહી શકે એમ કહેલ છે તેવું બનેલ છે?

**ઉત્તર**—વ્યાધિ અથવા કામણુના પ્રયોગથી એમ થઇ શકે છે. સિદ્ધરાજ જયસિંહ ૧૨ વર્ષ ગર્ભમાં રહ્યા હતા. કોઈ વખત ૧૨ વર્ષ રહેલો જીવ જ ચ્યવીને પાછો તે જ શરીરમાં ઉપજે ત્યારે તે ૧૨ વર્ષ ભેળવતાં ૨૪ વર્ષ પણુ થાય છે.

**પ્રશ્ન** ૭—ઋષભદેવ ભગવાનના સ્તવનમાં અઢાર કોડાકોડી સાગરે ધર્મ ચલાવ્યાનું કહ્યું છે તેનો અર્થ શું ?

**ઉત્તર**—ગઇ ઉત્સર્પિણીમાં ચોથા આરાના પ્રારંભમાં ચોવીશમા તીર્થંકર નિર્વાણુ પામ્યા પછી ધર્મનો વિરહ પડ્યો તે તેના ૪-૫-૬ એ ત્રણુ આરા અને આ અવસર્પિણીના ૧-૨-૩ આરા એ છ આરામાં ધર્મનો વિરહ રહ્યો. ત્રીજા આરાની પ્રાંતે શ્રી ઋષભપ્રભુએ ધર્મ શરૂ કર્યો. પૂર્વોક્ત છ આરાનું પ્રમાણુ ૧૮ કોડાકોડી સાગરોપમનું થતું હોવાથી એટલો કાળ બંધ રહેલ ધર્મ શરૂ કર્યો એ અર્થ સમજવો.

**પ્રશ્ન** ૮--પુન્યાર્થે કહેલ રકમમાંથી સ્વામીભાઇને સહાય થઈ શકે? દોષ ન લાગે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—એ રકમ સામાન્યે સાત ક્ષેત્રમાં વાપરવાની હોવાથી સ્વામી ભાઇને આપી શકાય, એમાં વિરોધ જણાતો નથી.

**પ્રશ્ન ૯**—વીરપ્રભુ અતિશયવંત હતા, છતાં ગૌતમસ્વામી જેને દીક્ષા આપે તે જરૂર મોક્ષે જાય એવી તેની શક્તિ કેમ વધારે થઇ ?

**ઉત્તર**—એ એક પ્રકારની આત્મિક શક્તિ છે. તે કોઇ જીવને વધારે પ્રાપ્ત થાય તો તેમાં વાંધા જેવું નથી.

**પ્રશ્ન ૧૦**—જંબૂસ્વામીના ઢાળીઆ ને નેમિનાથના ચોવીશ ચોક સ્તવનમાં ગણાય કે સજ્ઝાયમાં ગણાય ? **ઉત્તર**—સ્તવનમાં ગણાય તે ઠીક લાગે છે.

**પ્રશ્ન ૧૧**—એક સામાયિક પૂર્ણ થાય તે વખતે અભ્યાસ ચાલતો હોય તો બીજું સામાયિક ન લેતાં ધારી લેય તો ચાલે ?

**ઉત્તર**—એટલો વખત સંવરમાં ગણાય પણ સામાયિક બીજું ન કહેવાય. સામાયિક તો વિધિ સાથે લેય તો જ ગણાય.

**પ્રશ્ન ૧૨**—ચક્રવર્ત્તીની ખીર બીજાને ન પચે એમ કહેલ છે તો તે ખીર કેમ બનાવાતી હશે ?

**ઉત્તર**—એક લાખ ગાયને દોહીને તે દૂધ ૫૦૦૦૦ ગાયને પાય, પછી તેને દોહીને ૨૫૦૦૦ ને પાય, એ ક્રમે અર્ધ અર્ધને પાતાં છેલ્લી ગાયનું જે દૂધ નીકળે તેની ખીર બનાવાય એટલે તે એટલી બધી સ્નિગ્ધ ને ગાઢ હોય છે કે તેને બીજો મનુષ્ય પચાવી ન શકે.

**પ્રશ્ન ૧૩**—નવ અંગ પૂજાના દુહા પૈકી પહેલા દુહામાં 'યુગલિક નર પૂજંત' એમ કહેલ છે તો યુગલિકોએ પ્રભુની પૂજા ક્યારે કરી ?

**ઉત્તર**—ઋષભ પ્રભુને જ્યારે રાજ્યાભિષેક કરવો ઠર્યો ત્યારે યુગલિકો જળ લેવા ગયા. પાછળ ઇંદ્રે તે પોતાનો કલ્પ હોવાથી પ્રભુ પાસે આવી અભિષેક કરી વસ્ત્રાભૂષણથી અલંકૃત કર્યા. યુગલિકો પાણી લઇને આવ્યા ત્યારે પ્રભુને અલંકૃત જાણી પાણી ક્યાં નાખવું ? તેનો વિચાર કરતાં પ્રભુના પગનો અંગૂઠો ખાલી દીઠો એટલે ત્યાં તે જળ નાખ્યું. એ રીતે તેમણે જળપૂજા કરી એમ સમજવું.

**પ્રશ્ન ૧૪**—ઠંડા દેશના લોકો વધારે ટાઢના વખતે ગરમ કપડાં પહેરીને આવશ્યકાદિ કરી શકે ?

**ઉત્તર**—સામાયિક, પ્રતિક્રમણ વિગેરેમાં શીવેલ વસ્ત્ર ન પહેરાય. તેને જરૂર લાગે તેટલા વસ્ત્ર ઓઢી શકાય.

**પ્રશ્ન ૧૫**—પર્યુષણના આઠ દિવસમાં ચાર શ્રાવણના ને ચાર ભાદરવાના એમ આઠ દિવસ કેમ લીધા છે ?

**ઉત્તર**—એ તો પૂર્વપુરુષોએ એમ જ યોગ્ય જાણી ગોઠવણ કરેલ છે, તેનું ખાસ કારણ જાણવામાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૧૬**—વીર પ્રભુનું ચરિત્ર કલ્પસૂત્રમાં આવે છે તે કોનું કહેલું છે?

**ઉત્તર**—એ તો કલ્પસૂત્ર મૂળ શ્રી ભદ્રબાહુસ્વામીનું રચેલ હોવાથી તેમનું જ રચેલું જાણવું.

**પ્રશ્ન ૧૭**—ત્રયોદશીને દિવસે પ્રતિક્રમણમાં શ્રાવક શ્રાવિકા મન્નહ જિણાણં'ની સજ્ઝાય કહે છે તે ન આવડતી હોય તો બીજી કહી શકે?

**ઉત્તર**—બીજી સજ્ઝાય ન જ કહેવાય એવો નિષેધ નથી.

**પ્રશ્ન ૧૮**—ગર્ભવતી સ્ત્રી કેટલા માસ સુધી જિનપૂજા કરી શકે?

**ઉત્તર**—પ્રસવ સમય નજીક જણાય ત્યાંસુધી કરી શકે.

**પ્રશ્ન ૧૯**—રજસ્વલા સ્ત્રી પરીક્ષામાં બેસી શકે? **ઉત્તર**—બેસી ન શકે.

**પ્રશ્ન ૨૦**—શાંતિસ્નાત્રાદિ ક્રિયા કરાવનારમાં મુખ્યત્વે કયા ગુણો હોવા જોઇએ?

**ઉત્તર**—શ્રાવકપણાના સામાન્ય ગુણ, રાત્રિભોજનત્યાગ, કંદમૂળત્યાગ, પરસ્ત્રી-ત્યાગ વિગેરે ગુણો હોવા જોઇએ.

**પ્રશ્ન ૨૧**—'શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર' એ ચૈત્યવંદન અને 'મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરસ્વામી' એ સ્તુતિના કર્ત્તા કોણ છે? **ઉત્તર**—તેના નામો જાણવામાં નથી.

**પ્રશ્ન ૨૨**—પાક્ષિક અતિચારમાં 'દલીદો કીધો, અંગીઠા કરાવ્યા' વિગેરે શબ્દો આવે છે તેનો અર્થ શું?

**ઉત્તર**—એને માટે પાક્ષિક અતિચાર સાર્થ અમારી સભા તરફથી છપાયેલ બુક વાંચો.

**પ્રશ્ન ૨૩**—સ્વામીવાત્સલ્ય કરનાર સ્વામીવાત્સલ્ય ન કરતાં તેટલા પૈસાની સ્વામીભાઇને મદદ કરે તો તેને સ્વામીવાત્સલ્યનું ફળ મળે?

**ઉત્તર**—અત્યારના મુશ્કેલીવાળા વખતમાં તેમ કરવું તે યોગ્ય લાગે છે, પરંતુ સ્વામીવાત્સલ્ય કરવું અને સ્વામીભાઇને પણ સંભાળવા એ વધારે યોગ્ય છે, જેથી બંને કાર્ય સરે છે.

**પ્રશ્ન ૨૪**—ગોચરી ગીતાર્થની કહી છે તો આચાર્ય ગોચરી કરવા કેમ જતાં નથી?

**ઉત્તર**—ગોચરી ને વિહાર ગીતાર્થ અથવા ગીતાર્થની નિશ્રાએ કરવાનું કહેલું છે, તેથી ખાસ કારણ સિવાય પદવીધર ગોચરી ન જાય. તેની નિશ્રામાં વર્તતા મુનિ જાય છે.

**પ્રશ્ન ૨૫**—પ્રભુને પધરાવવાનો રથ અન્ય દેવોને બેસાડવા માટે આપી શકાય?

**ઉત્તર**—એ પ્રવૃત્તિ વ્યાજબી લાગતી નથી. રાજ્યાદિકના ઉપરોધે તેમ કરવું પડે તો તે અશક્યપરિહાર છે.

**કુંવરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તકોની પહોંચ

**૧. શ્રી અનેકાંતવ્યવસ્થાપ્રકરણ** અપરનામ **જૈન તર્ક**—પ્રતાકાર. લઘુહરિભદ્ર *ઉપનામધારક મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યવિરચિત. વિદ્વદ્‌પરિભોગ્ય સ્યાદ્વાદ*-સ્વરૂપ-પ્રદર્શક મહાન્ ગ્રંથ છે. તેનું વિવેચન સંક્ષિપ્તમાં લખી શકાય તેવું નથી. પ્રકાશક-જૈન ગ્રંથ પ્રકાશક સભા-અમદાવાદ. શાસનસમ્રાટ્ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજીના વિદ્વાન્ શિષ્ય આ. શ્રી વિજયોદયસૂરિજીના અમૂલ્ય પ્રયાસથી તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ચાર.

**૨. શ્રી પિંડવિશુદ્ધિ પ્રકરણ**—પ્રતાકાર. શ્રીમજ્જિનવલ્લભસૂરિપ્રણીત. આ પ્રકરણનો ભાષાનુવાદ આ. શ્રી વિજયરામચંદ્રસૂરિના શિષ્ય શ્રી માનવિજયજીએ કર્યો છે. સાધુ તથા સાધ્વીને માટે ખાસ ઉપયોગી તેમજ વાંચવા લાયક છે. સાધુ-સાધ્વીને ભેટ મળે છે. શ્રાદ્ધવર્ય ભાણજીભાઇ ધરમશી-ભાણવડની સહાયથી છપાયેલ છે. પ્રાપ્તિસ્થાન-શ્રી વિજયદાનસૂરિ ગ્રંથમાળા-સૂરત. મુનિજનોને અતીવ હિતકર છે. અનુવાદકનો પ્રયાસ સારો છે.

**૩. શ્રી પંચસૂત્ર**—પ્રતાકાર. શ્રી ચિરંતનાચાર્યવિરચિત-મૂળ અને આ. શ્રી હરિભદ્રસૂરિજીની ટીકા યુક્ત. પ્રકાશક-શ્રી લબ્ધિસૂરિ જૈન ગ્રંથમાળા-છાણી. વેરાવળનિવાસી શેઠ સોમચંદ મૂળચંદની સહાયથી પ્રગટ થયેલ છે. કિંમત રાખવામાં આવેલ નથી. પ્રવ્રજ્યાને લગતાં પાંચ સૂત્રોનું સુંદર વર્ણન છે. પ્રવ્રજ્યાના અભિલાષી તેમજ પ્રવ્રજ્યા આપનાર ઉભયને ગ્રાહ્ય છે.

**૪. શ્રી અનંતનાથચરિત્રાદુદ્ધરિત પૂજાષ્ટકમ્**--શ્રી નેમિચંદ્રસૂરિકૃત. પ્રતાકાર. સંપાદક આ. શ્રી વિજયક્ષમાભદ્રસૂરિજી. અષ્ટપ્રકારી પૂજાનું વર્ણન ને વૃત્તાંતો સારાં છે. રચના અર્ધમાગધી ભાષામાં છે, જેથી તેના જિજ્ઞાસુઓને ખાસ અભ્યસનીય છે. પ્રકાશક-શા. રાયચંદ ગુલાબચંદ-અચ્છારી ( પોસ્ટ ભીલાડ-ગુજરાત. ) પ્રાપ્તિસ્થાન : શ્રી વિજયદાનસૂરિ જૈન ગ્રંથમાળા, ગોપીપુરા-સૂરત. પોસ્ટેજ તથા પેકીંગના ચાર આના મોકલવાથી મળી શકશે.

**૫. શ્રી પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**—કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યરચિત **અન્યયોગ અને અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકાયુક્ત**—શ્રી દેવાચાર્યવિરચિત સ્વોપજ્ઞ અવચૂરી સહિત ન્યાયનો આ ગ્રંથ છે અને તેના પર સંસ્કૃત ટીકાઓ રચાઇ છે. સંપાદક ઉપા. શ્રી ક્ષમાવિજયગણિ, પ્રકાશક-ઝવેરી મોતીલાલ ડાહ્યાભાઇ. મૂલ્ય-અમૂલ્ય.

**૬. શ્રી હૈમશબ્દચંદ્રિકા**—મહોપાધ્યાય શ્રી મેઘવિજયગણિવિરચિત. સંપાદક દક્ષિણવિહારી શ્રી અમરવિજયશિષ્ય મુનિશ્રી ચતુરવિજય. વ્યાકરણને માટે આ પુસ્તિકા ઉપયોગી છે. બત્રીશ પેજી સાઇઝના એંશી પૃષ્ઠ.

**૭. શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર**--મૂળ ને ભાષાનુવાદ યુક્ત. સંપાદક મુનિ શ્રી કનકવિજયજી. કસ્તુરચંદ માણેકચંદ હળવદવાળા તરફથી ભેટ મળે છે. વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિવિરચિત છે. આ સૂત્ર નવતત્ત્વને માટે સંક્ષિપ્ત ગ્રંથ તેમજ શ્રેષ્ઠ સાધન છે. પ્રકાશક-જૈન સ્વાધ્યાયમંદિર-સાવરકુંડલા. નવા અભ્યાસીને કંઠે કરવા માટે ઉપયોગી છે.

**૮. શ્રી મહાવીર જીવન-પ્રભા**—લેખક વીરપુત્ર શ્રી આણંદસાગરજી મહારાજ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશક-વીરપુત્ર આનંદસાગર જ્ઞાનભંડાર-કોટા ( રાજપુતાના ). ભગવાન મહાવીરના જીવનને લગતું હિંદી ભાષામાં ચરિત્રગ્રંથન છે. પ્રયાસ સારો છે. પોસ્ટેજ મોકલનારને ભેટ મળી શકશે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૬૬ છે.

૯. **સપ્તવ્યસનપરિહાર**—લેખક ને પ્રકાશક ઉપર પ્રમાણે. હિંદી ભાષામાં સાતે વ્યસનોનું વર્ણન સારું છે. વાંચવા લાયક છે.

૧૦. **શાળોપયોગી સરલ સામાયિકસૂત્ર** ( સચિત્ર )—આ બૂકમાં ચાર ભાગ પાડવામાં આવ્યા છે અને તેનાં શિક્ષણને લગતી અનેક બાબતો સમાવી છે. પ્રકાશક—નેમચંદ પોપટલાલ વહોરા, મહાવીર સોસાયટી, અમદાવાદ તરફથી જિજ્ઞાસુઓને અભ્યાસાર્થે ભેટ અપાય છે. સંપાદક-ભાવનગરનિવાસી અમૃતલાલ ઓધવજી શાહ-અમદાવાદ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૩૬૦ છે. પ્રયાસ સારો ને સ્તુત્ય છે.

૧૧. **બારસઅણુવેકખા**—શ્રીમદ્ કુંદકુંદાચાર્યવિરચિત. અનુવાદક ભાયાણી હરિલાલ જીવરાજ--ભાવનગર. પ્રકાશક નેમિદાસ ખુશાલદાસ--પોરબંદર. બાર ભાવનાને લગતી આ પુસ્તિકા સુંદર છે. દિગંબરી ગ્રંથ છે. મૂલ્ય ચાર આના.

૧૨. **આગમોદ્ધારક**—પ્રકાશક-શ્રી જૈન આનંદવર્ધક સભા-સુરત. શ્રી સિદ્ધચક્ર પાક્ષિકની પ્રથમ વર્ષની ભેટ. આગમોદ્ધારક આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજીનું વિસ્તારથી જીવનવૃત્તાંત છે. મૂલ્ય રૂા. બે. ઘણી હકીકતોનો સમાવેશ કર્યો છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૫૨૫.

૧૩. **જ્ઞાનપ્રદીપ**—આ. શ્રી વિજયકસ્તુરસૂરિજીના જુદા જુદા સમયે લખાએલા લેખોનો સંગ્રહ છે. લેખો વૈરાગ્યવાહી ને મનનીય છે. પ્રાંતે " બોધસુધા " આપેલ છે. લેખસંખ્યા ૪૯ છે. પ્રકાશક-શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર. બૂક વાંચવા લાયક છે. પૃષ્ઠ ચારસો ઉપરાંત.

૧૪. **આદર્શ સ્ત્રીરત્ન ગ્રંથમાળા**—પ્રકાશક મંગળદાસ ત્રિકમલાલ ઝવેરી. જુદી જુદી સોળ સતીઓના ચરિત્રો સુંદર શૈલીમાં આપવામાં આવ્યાં છે. સોળ ચોપડીઓનો એક સેટ છે. કિંમત રૂા. સવાપાંચ. ધીરજલાલ ટોકરશીની બાળ ગ્રંથાવલીની શ્રેણીની માફક આ સ્ત્રી-શ્રેણી શરૂ કરેલ છે. કથાનકો મનનીય ને સારાં છે. લેખકનો પ્રયાસ સુંદર છે. દરેક ઘરમાં વસાવવા લાયક આ સેટ છે.

૧૫. **જૈન અભ્યાસક્રમ**—ધો. ૧ લું તથા ૨ જું. પ્રકાશક-જૈન ધર્મોત્તેજક મહિલા સંઘ-મહેસાણા, પ્રાપ્તિસ્થાન શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા. કિંમત ચાર આના અભ્યાસકોને માટે ઉપયોગી છે.

૧૬. **શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર (ભાષાંતર)**—શ્રી અમરચંદ્રસૂરિવિરચિત પદ્માનંદ મહાકાવ્યનું અક્ષરશઃ ગુજરાતી ભાષાંતર. રાવસાહેબ કાંતિલાલ ઈશ્વરલાલ, જે. પી. ની સહાયથી છપાવેલ છે. પ્રકાશક-શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર. ચરિત્ર ઘણું વિસ્તૃત છે. ભાષાંતર પણ સારું છે અને ગ્રંથને જુદા જુદા ચિત્રો મૂકી આકર્ષક બનાવવામાં આવેલ છે. સભાનાં ચરિત્ર-પ્રકાશનોમાં આ પ્રકાશન સારું છે. કિંમત રૂા. પાંચ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭ **વિજયાનંદ**—( અંક બીજો ) મુંબઈની જૈન આત્માનંદ સભા તરફથી આ બીજો અંક દીપોત્સવી ઉપર બહાર પડ્યો છે. લેખોની ચૂંટણી સારી છે.

૧૮. **એક અર્વાચીન સંતની સાહિત્યસેવા** ( નિબંધ )—આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજીના લેખોનું સમીકરણ. તૈયાર કરનાર શા મણિલાલ મોહનલાલ પાદરાકર. વડોદરાખાતે ૧૫ મી સાહિત્યપરિષદમાં વંચાયેલ નિબંધ. નિબંધમાં વિદ્વાન લેખકે સારો પ્રયાસ કર્યો છે. સાહિત્યપ્રેમીઓએ ખાસ વાંચવા લાયક છે.

૧૯. **શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર તથા ચાર પ્રકરણ**—અર્થ, ભાવાર્થ, સમજુતી સહિત. પ્રકાશક–પં. મફતલાલ ઝવેરચંદ, ખેતરપાળની પોળ–અમદાવાદ. કિ. રૂા. ૨–૧૨–૦ પ્રાપ્તિસ્થાન પ્રકાશકને ત્યાંથી તથા શા. નાગરદાસ પ્રાગજી–દોશીવાડાની પોળ. પ્રકાશકનો પ્રયાસ સારો છે. આ બીજી આવૃત્તિ છે. કાગળ વિગેરેની સખ્ત મોંઘવારી છતાં અત્યારે ખાસ જરૂરીઆત હોવાથી છપાવવાનો પ્રયાસ કર્યો છે. પરચુરણ બાબતો તેમજ ચૈત્યવંદન સ્તવનાદિ પણ ઘણાં આપ્યાં છે.

૨૦. **શ્રી પર્યુષણપર્વ કલ્પલતા**—પ્રતાકાર. શાસનસમ્રાટ્ આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના વિદ્વાન શિષ્ય આ. શ્રી વિજયદર્શનસૂરિજીએ આ કલ્પલતાની રચના કરી છે. પ્રકાશક–શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા–અમદાવાદ. સહાયક–શેઠ મગનલાલ દેવચંદ તથા શેઠ ગાંડાભાઈ વીઠ્ઠલદાસ–સૂરત. કલ્પલતાનું બીજું નામ પર્યુષણ પર્વવિંશિકા પણ રાખવામાં આવેલ છે. આ પ્રતમાં મૂળ શ્લોકો ઉપરાંત આર્દ્રકુમાર તથા સૂર્યયશા રાજાનું ચરિત્ર પણ આપવામાં આવેલ છે. કર્તાશ્રીનો પ્રયાસ સુંદર ને અનુમોદનીય છે. કિંમત લખેલ નથી.

૨૧. **પર્યુષણપર્વ કલ્પપ્રભા**—પ્રતાકાર. કર્તા તથા પ્રકાશક ઉપર પ્રમાણે. સહાયક સૂરતના ત્રણ ગૃહસ્થો–ઝવેરી છગનભાઈ ફુલચંદ, ઝવેરી રૂપચંદ ચેલાભાઈ તથા શાહ અમરચંદ વનેચંદ. પર્યુષણના અઠ્ઠાઈ વ્યાખ્યાનનું સ્વરૂપ છે. પર્યુષણનું માહાત્મ્ય સૂચવતી આ બંને પ્રત બોધક છે. કથાનકો રસિક છે. કિંમત લખેલ નથી.

૨૨. **શ્રી તત્ત્વાર્થ સૂત્ર**—( આવૃત્તિ બીજી ) વિવેચક પંડિત સુખલાલજી. પ્રકાશક–શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ–અમદાવાદ. કિંમત રૂપિયો દોઢ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૬૦૦ લગભગ. સુખલાલજીના પાંડિત્યથી કોઈપણ જૈન અજ્ઞાત નથી. શ્રી તત્ત્વાર્થના વિવેચનમાં તેમણે પોતાની બુદ્ધિ-શક્તિનો સારો નીચોડ ઠાલવ્યો છે. તેની પ્રશંસા કરવા કરતાં તેને સંપૂર્ણ વાંચી જવાની ભલામણ કરવી જ ઉચિત લાગે છે.

૨૩. **નૂતન સ્તવનાવળી**—કર્તા આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક–ઇલોલ જૈન સંઘ. કિંમત અમૂલ્ય. ગાંધી મંગુલાલ નેમચંદ, ઇડર–એ શિરનામે પોસ્ટની સવા આનાની ટીકીટ મોકલવાથી ભેટ મળી શકશે.

૨૪. **વિદ્યાનંદ વિનોદ** યાને **નૂતન સ્તવનાદિ સંગ્રહ**—મુનિ શ્રી વિદ્યાનંદવિજયજીએ પોતે રચેલ ચોવીશી તેમજ અન્ય બોધક પદોનો સંગ્રહ છે. પ્રકાશક–માસ્તર મોતીલાલ જગજીવનદાસ–જૂનાગઢ. કિંમત ચાર આના. પ્રયાસ સારો છે. કુંવરજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક પુરુષો

## પટ્ટધર બેલડી (૮)

પટ્ટધર બેલડીનો પૂર્વાર્ધ સમાપ્ત કરતાં પૂર્વે ઐતિહાસિક નજરે કેટલીક વાતો જોઇ જવાની છે તે તરફ સૌ પ્રથમ આંખ ફેરવીએ. આજના યુગમાં જે શોધખોળો થઇ ચૂકી છે એ ઉપરથી જૈનધર્મમાં કહેલાં ચોવીશ તીર્થંકરોમાંનાં અંતિમ બે અર્થાત્ શ્રી પાર્શ્વનાથ અને શ્રી વર્ધમાનસ્વામી ઐતિહાસિક પુરવાર થઇ ચૂક્યા છે, એટલું જ નહિં પણ એમના સંબંધમાં જે સામગ્રીઓ ઉપલબ્ધ થઇ છે, અને આગળ વધતી શોધખોળની પ્રવૃત્તિ એ સંબંધમાં જે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરી રહી છે, એ જોતાં બાવીશમા તીર્થપતિ શ્રી અરિષ્ટનેમી ભગવાન પણ ઐતિહાસિક યુગની વિભૂતિ હતા એ પુરવાર થતાં ઝાઝો વિલંબ નહીં લાગે. જ્યાં આ પ્રકારનું નિર્મળ સત્ય ચક્ષુ સામે જળહળતું દૃષ્ટિગોચર થાય છે ત્યાં હવે એ વાત કહેવાની ભાગ્યે જ અગત્ય લેખાય કે જૈનધર્મ અને બૌદ્ધધર્મ એ નિરાળા છે. 'જૈન ધર્મ એ બૌદ્ધધર્મની શાખા હતી.' એ વાત તદ્દન ગલત છે. પશ્ચિમના શોધકોએ અહીંની પરિસ્થિતિના અજ્ઞાણપણાથી જે કેટલાક વિભ્રમો લખાણમાં કર્યાં છે એમાં ઉપરક્ત્લો વિભ્રમ અગ્રપદ ભોગવે છે. આંગ્લ લેખકોની એ સ્ખલનાએ ઘણી ઘણી ગંભીર ગુંચવણો જન્માવી છે અને એથી જૈનધર્મ સંબંધમાં ઘણી વિચિત્ર માન્યતાઓને જન્મ મળ્યો છે! જેમ જેમ પ્રાચીન વસ્તુની શોધ આગળ લંબાશે અને ઇતિહાસને અનુરૂપ આંકડો સાંધવાનો પ્રયત્ન કરવામાં આવશે તેમ તેમ સર્વજ્ઞના સિદ્ધાંતની અકાટ્યતા અને એ અંગે રચાયેલ સાહિત્યની રહસ્યમયતા જનતાને વધુ પ્રમાણમાં જાણવા-જોવાની મળશે.

પ્રભાવિક પુરુષોની આ હારમાળા પ્રભુશ્રી મહાવીરદેવના પછીના કાળની છે. ઇ. સ. પૂર્વે ૫૨૭માં એ ચરમ જિન નિર્વાણ પામ્યા. એ વેળા ભારતવર્ષમાં મગધદેશની કીર્તિ સવિશેષ હતી અને એનું પાટનગર રાજગૃહ હતું. એની ગાદી પર શ્રેણિકપુત્ર કોણિક ઊર્ફે અજાતશત્રુ હતો. આ રાજવીના સંબંધમાં જૈન અને બૌદ્ધ સાહિત્યમાં ઠીક ઠીક નોંધો મળે છે.

પ્રભુ શ્રી મહાવીરદેવના ગણધર તો અગિયાર હતા, પણ એમાંનાં શ્રી ઇંદ્રભૂતિ–ગૌતમ અને આર્ય સુધર્માસ્વામી સિવાયના નવ તેઓશ્રીની હૈયાતિમાં કાળધર્મ પામ્યા હતા. એમની નિર્વાણભૂમિ થયાનું ગૌરવ પણ આ વિશાળ અને જેની યશગાથા ચોદિશ વિસ્તરેલી હતી એવી રાજગૃહીને ફાળે નોંધાયું હતું. ભગવાન પોતાના નિર્વાણ પછી અલ્પ સમયમાં પોતાના પ્રથમ પટ્ટધર શ્રી ગૌતમને કૈવલ્યની ઉત્પત્તિ થવાની વાત જાણતા હોવાથી ગચ્છની સંભાળનું સર્વ કાર્ય પાંચમા અને બાકી રહેલા ગણધર શ્રી સુધર્માસ્વામીને સોંપી ગયા હતા. પ્રભાવિક પુરુષોની વિચારણામાં તીર્થંકર પ્રભુ અને ગણધર મહારાજા જેવી પ્રબળ વિભૂતિઓની વાત સમાઇ ન શકે એ સહજ સમજાય તેવું હોવાથી અત્રે એ અંગે વધુ લંબાણ ન કરતાં હારમાળાના પ્રથમ પાત્ર શ્રી જંબૂસ્વામી પ્રતિ મીટ માંડીએ. તેઓ પાટ પર આવ્યા ઇ. સ. પૂર્વે ૫૦૭ માં. એ વેળા મગધની ગાદીનું સ્થળ રાજગૃહીથી બદલાઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંપામાં થોડો સમય રહી પાટલીપુત્ર બન્યું હતું અને ગાદી પર કોણિક પુત્ર ઉદાયી આવ્યો હતો. કથાનાયક યશોભદ્રસૂરિ સુધીના સમય પર્યંતની સાલવારી નિમ્ન પ્રકારે દોરી શકાય—

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. ભગવાન મહાવીરનો | નિર્વાણ | સમય | ઇ. સ. પૂર્વે | ૫૨૭ | રાજા | અજાતશત્રુ |
| ૨. ગણધર સુધર્માસ્વામી | યુગપ્રધાન | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, ,, | નો નિર્વાણ | ,, | ,, | ૫૦૭ | ,, | ઉદાયી |
| ૩. જંબૂસ્વામી | યુગપ્રધાન | ,, | ,, | ૫૦૭ | ,, | ,, |
| ,, | નો નિર્વાણ | ,, | ,, | ૪૬૩ | ,, | પ્રથમ નંદ |
| ૪. પ્રભવસ્વામી | યુગપ્રધાન | ,, | ,, | ૪૬૩ | ,, | ,, |
| ૫. શય્યંભવસ્વામી | ,, | ,, | ,, | ૪૫૨ | ,, | બીજો નંદ |
| ૬. યશોભદ્રસૂરિજી | ,, | ,, | ,, | ૪૨૯ | ,, | ,, |

ઉપરનો ક્રમ જૈન કાળગણના અનુસાર ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદના પ્રાચીન ભારતવર્ષ પુસ્તકના આધારે મૂક્યો છે અને એ પટ્ટાવલિના વૃત્તાન્ત સહ મેળ ખાય છે. એમાં કહેવામાં આવ્યું છે કે-જંબૂસ્વામીએ ૪૪ વર્ષ, પ્રભવસ્વામીએ ૧૧ વર્ષ, શય્યંભવસૂરિએ ૨૩ વર્ષ અને યશોભદ્રસૂરિએ ૫૦ વર્ષ યુગપ્રધાન પદ ભોગવ્યું. ઇ. સ. પૂર્વે ૪૨૯ માં યુગપ્રધાન પદ પર આવનાર આપણા કથાનાયક અગર તો પટ્ટધર બેલડીના સર્જક અને એ મથાળા નીચે આળેખાયેલા વૃત્તાન્તમાં અગ્રભાગ ભજવનાર આચાર્ય મહારાજ યશોભદ્રસૂરિ ઘરવાસમાં ૨૨ વર્ષ પુરા કરી, સામાન્ય સાધુજીવનમાં ૧૪ વર્ષ ગાળી, છત્રીશમા વર્ષે યુગપ્રધાન પદે આવ્યા હતા. એ પદ ૫૦ વર્ષ સુધી ભોગવ્યું. કુલ ૮૬ વર્ષની જિંદગી ગાળી અને પરમાત્મા શ્રી મહાવીર દેવના નિર્વાણ બાદ ૧૪૮ વર્ષે તેઓશ્રીનું સ્વર્ગગમન થયું. એ માટેની શ્રી કલ્પસૂત્રમાં આવતી નોંધ નીચે પ્રમાણે છેઃ—

ભગવાન શ્રી મહાવીર દેવ પછી ૮ વર્ષે શ્રી ગૌતમસ્વામી મુક્તિપદ પામ્યા, શ્રી સુધર્માસ્વામી ૨૦ વર્ષે, અને શ્રી જંબૂસ્વામી ૬૪ વર્ષે એ જ શાશ્વત સ્થાનના ભોક્તા બન્યા. પછી શ્રી પ્રભવસ્વામી ૭૫ વર્ષે, શ્રી શય્યંભવસ્વામી ૯૮ વર્ષે અને શ્રી યશોભદ્રસૂરિ ૧૪૮ વર્ષે સ્વર્ગે ગયા. એ વેળા પાટલીપુત્રમાં નવમા નંદનું રાજ્ય પ્રવર્તતું હતું. નવ નંદોનાં નામ બરાબર મળતાં નથી. બૌદ્ધ ગ્રન્થોમાં એ માટે નિમ્ન પ્રકારનાં નામો દૃષ્ટિગોચર થાય છે. ૧ ઉગ્રસેનનંદી, ૨ પાંડુકનંદી, ૩ પાંડુકગતિ, ૪ નંદી, ૫ ભૂપાલનંદી, ૬ સેપાલનંદી, ૭ ગોવિષ્ણુનંદી, ૮ દસેસીદ્દીનંદી અને ૯ ધનપાલનંદી; પણ આ નામો પર વજન મૂકી શકાય તેવું નથી. પૌરાણિક પુસ્તકોમાં નંદીવર્ધન-મહાનંદ અને પદ્મનંદનાં નામો નજરે પડે છે. બીજા ગ્રંથોમાં ધનનંદનું નામ જોવાય છે. પદ્મનંદનું એ બીજું નામ છે એમ કેટલાક કહે છે. કેટલાક નંદ વંશમાં નવ રાજાને બદલે ત્રણ રાજા થયાનું માને છે. એ બધામાં કઇ વાત વધારે બંધબેસ્તી છે એ પુરાતત્ત્વશોધકના આખરી નિર્ણય પર છોડી દઈ જે કહેવાનું છે તે એ જ કે કથાનાયકના આખરી વર્ષોમાં મગધ જેવા વિશાલ દેશનું સામ્રાજ્ય મહાનંદ ઊર્ફે ધનનંદ અને નવમા નંદના હાથમાં હતું અને એનું પાટનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાટલીપુત્ર હતું તેમ જ મહામંત્રી પદ જૈન-ધર્મી શકડાળ મંત્રીશ્વરના હાથમાં હતું. તેમની દીર્ઘદૃષ્ટિ અને કુશાગ્ર બુદ્ધિ જર્જરિત થતાં નંદ વંશના શાસનને ટકાવી રહી હતી. છેલ્લો નંદ ધનનો મહાલોભી અને કાનનો કાચો હતો. એ સંબંધમાં વધુ અવલોકન કરવાની ઘડી શ્રી સ્થૂલિભદ્રના કથાનકમાં આગળ આવવાની હોવાથી હાલ એ સંબંધમાં અહીં પૂર્ણ વિરામ મૂકી, પટ્ટધર બેલડીના પદારોપણુવિધિ તરફ અને એ રીતે સમાપ્ત થતાં પૂર્વાર્ધ પ્રતિ ચક્ષુ ફેરવીએ.

પાટલીપુત્ર નગર જ્યારથી મગધ જેવા મહાન્ દેશની રાજધાનીનું મુખ્ય શહેર બન્યું ત્યારથી તે વસવાટમાં લંબાવા માંડ્યું હતું. દિનપ્રતિદિન એની જનસંખ્યા વૃદ્ધિ પામતી હતી. વેપારવણજમાં પણ જબરો ઉછાળો આવ્યો હતો. બજારો દેશપરદેશના સોદાગરોથી ભરેલાં રહેતાં અને પ્હો ફાટતાં એ હાટોમાં ક્રયવિક્રય નિમિત્તે જે ભીડ થવા માંડતી તે નિશાના દીપકો પ્રગટ્યા બાદ બે ઘડી સુધી ચાલુ રહેતી.

પ્રવૃત્તિથી આકંઠ ભરેલા આવા નગરમાં આજ પ્રાતઃકાળથી કોઈ અનેરું વાતાવરણ પ્રવર્તી રહેલું નજરે આવતું હતું. સામાન્ય રીતે કોઇ પર્વનો દિન હોય, કિંવા પ્રજાનો તહેવાર હોય તો હાટો બંધ રહેતાં. વસંતોત્સવ કે કૌમુદી ઉત્સવ ટાણે સારી યે જનતા ધંધાની ધમાલને ઇચ્છાપૂર્વક સંકેલી લેતી અને કુદરતના આંગણે નગર બહારના ઉદ્યાનમાં આનંદ–વિલાસ માણવા નિકળી પડતી; પણ આજે તેમ ન હતું. હજુ અઠવાડીઆ પર દક્ષિણ દેશથી લાંબો વિહાર કરી ગચ્છાધિપતિ શ્રી યશોભદ્રસૂરિ પધાર્યા હતા ત્યારે અઢારે વર્ણે પાખી પાળી, તેઓશ્રીના સામૈયામાં ભાગ લીધો હતો અને જૈન ધર્મી સમાજ સાથેનો પ્રજાજન તરીકેનો નાતો પુરવાર કરી આપ્યો હતો. એ આચાર્યશ્રી ઉદ્યાનમાં આજે છેલ્લી દેશના આપવાના હતા. સાંભળવા મુજબ જનસમાજ માટે કોઇ નવીન સંદેશ પાઠવવાના હતા, એટલે આજે ઘણાખરા હાટો દિ' ચઢ્યા છતાં ધમાલવિહુણા જણાતાં હતાં. ખૂદ શકડાલ મંત્રીશ્વર પણ પધારવાની હવા પ્રસરી હતી, એટલે મોટા ભાગની નજર એ પ્રતિ સહજ આકર્ષાય એ સંભવિત હતું.

નગર બહારના ઉદ્યાને આજે કોઈ અનેરું દૃશ્ય ધારણ કર્યું હતું. વિશાળ વૃક્ષોથી શોભતાં–રંગબેરંગી પુષ્પોમાંથી રમણિય બનેલા એના લતામંડપોમાં આડે દિને છૂટા-છવાયા માનવીના ધીમા વાર્તાલાપ કે ડાળો પર બેઠેલાં પંખીઓના નાદ સિવાય ભાગ્યે જ કંઇ સંભળાતું ત્યાં આજે કોઇ જુદી સ્થિતિ પ્રવર્તી રહી છે. લતામંડપો લગભગ નિર્જન જેવા જણાય છે. એમાં પ્રેમી યુગલોના વાર્તાલાપ લગભગ બંધ થયા છે, પણ એ મંડપોની મધ્યે જે વિશાળ ચોગાન આવેલો છે ત્યાં સંસારના બંધનોથી પર બનેલા પોતાના ઉત્તમ ચારિત્રની સુવાસ પથરાવતાં, નિર્ગ્રંથ શ્રમણોની તત્ત્વપૂર્ણ ચર્ચાઓ ચાલી રહી છે. મુનિમંડલીના સાધુઓ ઉપર વર્ણવેલા લતામંડપોમાં બેસી ઉપાસક વર્ગ સાથે ધર્મ સંબંધી કે આચાર્યશ્રીના સંદેશ સંબંધી ધીમી ધીમી વાતો ચલાવી રહેલ છે.

છેલ્લા આપણે યશોભદ્રસૂરિજીને પ્રતિષ્ઠાનપુરના માર્ગે પાછા ફરવાનો આદેશ આપી રહેલા જોયા હતા. એ પછી શું થયું તેનું સિંહાવલોકન કરી લઇએ. વિહારની દિશા પાછી ફેરવતાં શિષ્યોમાં પ્રથમ વેળા જે આશ્ચર્ય ફેલાયું હતું એથી અધિક આશ્ચર્ય નગરમાં તેઓશ્રીના એકાએક પગલાં થતાં દ્વિજ ભદ્રશંકરને થયું. સૂરિજીના વિહાર પછી એની કૌટુંબિક સ્થિતિમાં પુનઃ પલટો આવ્યો હતો. 'માણસ ધારે છે શું અને વિધિ સર્જે છે શું?'

For Private And Personal Use Only

જેવું થયું હતું. એની પોતાની ધારણા વડિલ બંધુ લગ્નગ્રંથીથી જોડાઇ, રાજ્યનું પુરોહિત પદ સંભાળી લઇ, વૃદ્ધ માતાની સંભાળ માથે લઇ, ગૃહસ્થ ધર્મનું પાલન કરે તેવી હતી, પણ કુદરતને એ મંજૂર ન હોવાથી એમાં ભદ્રશંકર કંઇ પ્રગતિ કરે તે પૂર્વે જ એક દિનના મંદવાડથી માતા પરલોકના પંથે વળ્યા ! વરાહમિહિરના માંડ રસ્તે આવેલા દિમાગમાં ફરીથી એક વાર સંક્ષોભ ઉદ્ભવ્યો–સંસારમાં પડવાની આછી પાતળી વૃત્તિ પર કાપ પડ્યો. આપ્તજનનાં મરણોએ વિરાગતા જન્માવી. જ્યોતિષના અધૂરા અભ્યાસને પૂરો કરવાની અભિલાષા બળવત્તર બની. નાનાભાઇ સાથે એણે પણ સાધુ બનવાનો નિરધાર કર્યો. આ રીતે ઉભય બંધુઓ જીવનપલટો કરવાને તૈયાર તો હતા, છતાં આચાર્યશ્રીનાં પગલાં આટલા જલ્દીથી થશે એમ ધારતા નહોતા. પણ જ્યારે એ પાછળના કારણનું બયાન સૂરિમુખથી શ્રવણ કર્યું ત્યારે તેમનું આશ્ચર્ય, હર્ષમાં પરિણમ્યું અને શ્રમણજીવનમાં પગ મૂકવાનું કાર્ય સત્વર હાથ ધરવામાં આવ્યું. ઝાઝો વિલંબ પરવડે તેમ હતું જ નહીં. ઉચિત ધામધૂમથી એ ઉભય દ્વિજ–સંતાનોની ભાગવતી દીક્ષા થઇ. એમાં રાજ્ય તરફનો સાથ પણ પૂરો મળ્યો. વિહારનો દિન પણ નિયત થઇ ચૂક્યો એની આગલી સવારે જે ગૃહસ્થ સાથેના વાર્તાલાપથી આચાર્યશ્રીને જ્ઞાનોપયોગ મૂકવાનું નિમિત્ત પ્રાપ્ત થયું હતું અને જેના સંસારી જીવન અંગેની વાત આગળ કહેવાઇ ગઇ છે એ એકાએક સૂરિજીને શોધતો ભૂદેવની વસ્તીમાં આવી પહોંચ્યો. વંદન કરી એણે પણ પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ઉત્કટ ઇચ્છા દાખવી. સર્જિતભાવ સ્વીકારી આચાર્યશ્રીએ વિહારદિન આગળ લંબાવ્યો અને એની દીક્ષા પણ પ્રતિષ્ઠાનપુરમાં જ ઊકેલી. આમ પોતાની જ જન્મભૂમિમાં ભદ્રશંકરમાંથી ભદ્રબાહુ મુનિ તરીકે નિર્દિષ્ટ કરાયેલ નવીન શિષ્યને વધુ રોકાવાનો સમય પ્રાપ્ત થયો એટલું જ નહિં પણ પોતાનામાં રહેલી વિદ્વત્તા દર્શાવવાનો સુયોગ પણ સાંપડ્યો. એક કવિએ ગાયું છે કે—

તારેકી જ્યોતમેં ચંદ છૂપે નહીં,
સુર છૂપે નહીં બાદલ છાયા;
ભારી સભામેં પંડિત છૂપે નહીં,
દાતા છૂપે નહીં માગન આવા;
ચચંળ નારીકા નેણ છુપે નહીં,
ચેન છૂપે નહીં મોદક ખાયા;
કવિ ગંગ કહે સુણો શાહ અકબર,
ભાગ્ય છૂપે નહીં ભભૂત લગાયા.

એ તદ્દન સાચું છે. ઇંદ્રભૂતિ આદિ અગિયારે પંડિતોની વિદ્વત્તામાં ઓછી જ કમીના હતી ? માત્ર દિશાફેર હતી. પ્રભુ શ્રી મહાવીરની ત્રિપદી–ઉત્પાદ, વ્યય અને ધ્રુવરૂપ ત્રણ પદો–સાંભળ્યા ને દરેકના હૃદયમાં જ્ઞાનના અમૃત છાંટણાં છંટાયાં–સમન્વય કરી સત્ય ગવેષવાની શકિત અથવા તો સમ્યક્ત્વની સાચી પ્રભા ઊગી નીકળી. જોતજોતામાં બાર અંગ યાને દ્વાદશાંગીની રચના થઇ. કેવળજ્ઞાની ગુરુનો ઇશારો જ એવા વિદ્વાન્ માટે પર્યાપ્ત હતો. ભદ્રશંકર પણ વિદ્વાન્ હતો. એની શકિતનો પરચો આચાર્યશ્રીને પ્રથમ મેળાપે જ થયો હતો. દક્ષિણ વિહારનું એ મુખ્ય આકર્ષણ હતું. જૈનદર્શનમાં એ યુવાન આકર્ષાય તો શાસનપ્રભાવના જબ્બર થાય એ સૂરિજીના અંતરની ઉત્કટ છતાં ગુપ્ત આકાંક્ષા હતી. વર્ષોના વ્હાણા વાયા પછી એ ફળી, એટલું જ નહિં પણ નવદીક્ષિતની દેશનાશૈલીના અને યુકિતપુરસ્સર પ્રત્યેક વસ્તુની છણાવટ કરવાના વખાણ નગરવાસી વિદ્વાનોના મુખે થતાં સાંભળ્યા ત્યારે કમાઉ દિકરાને દેખી જે આનંદ પિતાને ઉપજે એવો આનંદ આચાર્યશ્રીને થયો. (ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્યાદ્વાદ સંબંધી સાહિત્ય

( લેખકઃ—પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા** એમ. એ. )

' સ્યાદ્વાદ ' કહો કે ' અનેકાન્તવાદ ' કહો તે એક જ છે. એનાં આકુલવાદ, તદતદ્વાદ, વિભજ્યવાદ અને સંકીર્ણવાદ એવાં પણ નામો છે. દરેક વસ્તુના અનંત ધર્મો છે અને તેમાંનાં કેટલાક તો એક બીજાથી વિરુદ્ધ છે. આવા વિરુદ્ધ ધર્મોનો સાપેક્ષપણે સ્વીકાર કરવો તે ' સ્યાદ્વાદ ' છે. આ જૈન દર્શનની મુખ્ય ચાવી તેમ જ ખૂબી છે. આથી તો એને અંગે અત્યાર સુધીમાં અનેક વિદ્વાનોએ ઊહાપોહ કર્યો છે. કેટલાકે એની પુષ્ટિરૂપે અને કેટલાકે એના ખંડનરૂપે સ્વતંત્ર ગ્રન્થો અને લેખો લખ્યા છે. આનો કંઇક ખ્યાલ આવે તે માટે આ લેખ યોજાયો છે. આપણે અહીં ભાષાદીઠ એનો વિચાર કરીશું.

## પાઈય ( પ્રાકૃત )

**સમ્મઈપયરણ** ( કાંડ ૩ ).

આના કર્તા **સિદ્ધસેન દિવાકર** છે. તેઓ મોડામાં મોડા **વિક્રમ**ની પાંચમી અને ઇસવી સનની છઠ્ઠી સદીમાં થઇ ગયા છે એમ આધુનિક વિદ્વાનોના મોટા ભાગનું માનવું છે.

પાઇય ભાષામાં સ્યાદ્વાદ ઉપર એકે સ્વતંત્ર ગ્રન્થ હોય એમ જણાતું નથી.

## સંસ્કૃત

( ૧ ) સ્યાદ્વાદ ભંગ
( ૨ ) એક અજ્ઞાત કૃતિ
( ૩ ) વરાંગચરિત્ર (સર્ગ ૨૬, શ્લોક ૭૬–૯૦)
(૪) તત્ત્વસંગ્રહ(સ્યાદ્વાદપરીક્ષા)
( ૫ ) સ્યાદ્વાદકુચોદ્યપરિહાર
( ૬ ) અનેકાન્તસિદ્ધિ
( ૭ ) અનેકાન્તજયપતાકા
( ૮ ) અનેકાન્તજયપતાકોદ્દ્યોતદીપિકા
( ૯ ) ભાવાર્થમાત્રાવેદિની
(૧૦) અનેકાન્તવાદપ્રવેશ
(૧૧) અનેકાન્તપ્રઘટ્ટ
(૧૨) શાંકરભાષ્ય
(૧૩) તત્ત્વોપપ્લવસિંહ
(૧૪–૧૫) તત્ત્વાર્થરાજવાર્તિક અને એની સ્વોપજ્ઞ વ્યાખ્યા
(૧૬) શ્રી ભાષ્ય
(૧૭) વીતરાગ સ્તોત્ર
(૧૮) અનેકાન્તજયપતાકોદ્દ્યોતદીપિકા ટિપ્પણક
(૧૯) સ્યાદ્વાદમંજરી
(૨૦) તર્કરહસ્યદીપિકા
(૨૧) સ્યાદ્વાદકલિકા
(૨૨) અનેકાન્તવ્યવસ્થા
(૨૩) સ્યાદ્વાદભાષા
(૨૪) સ્યાદ્વાદરહસ્ય

આ પૈકી **સ્યાદ્વાદભંગ**નો નિર્દેશ **અનેકાન્તજયપતાકા**(પ્રથમ અધિકાર)ની સ્વોપજ્ઞ વૃત્તિ(ખંડ ૧, પૃ. ૮૪)માં **હરિભદ્ર**સૂરિએ કર્યો છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છેઃ—

**" इति एतद् यदुच्यते परैः-स्याद्वादभङ्गादौ।**
**दिवाकरादिभिः तदपि प्रतिक्षिप्तं-निराकृतमेव इति।"**

આ ઉપરથી મને એમ ભાસે છે કે **સ્યાદ્વાદભંગ** એ કોઇ અજૈન–બૌદ્ધ વિદ્વાન્ **દિવાકર**ની કૃતિ છે. વિશેષમાં આવી બીજી પણ કોઇ અજૈન કૃતિ છે જેમાં સ્યાદ્વાદની વિરુદ્ધમાં ઊહાપોહ કરાયો હોવો જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કુકડાચાર્ય**ના મતનું નિરસન ઉપર્યુક્ત સ્વોપજ્ઞ વૃત્તિ(ખંડ ૧. પૃ. ૪૨)માં કરાયેલું છે. એ ઉપરથી એમની કોઇ કૃતિ હોવી જોઇએ એવું હું અનુમાન દોરું છું અને એ આધારે એક અજ્ઞાત કૃતિ એમ મેં ઉપર સૂચન કર્યું છે.

**વરાંગચરિત**ના કર્તા **જટાસિંહનંદિ** છે. એમને 'જડિલ' પણ કહે છે. એમનો સમય ઇ. સ. નો સાતમો સૈકો છે એમ ડૉ. **ઉપાધ્યે** માને છે. આ ગ્રન્થકાર દિગંબર છે. જો કે એમની આ કૃતિમાં એ સંપ્રદાયને પ્રતિકૂળ પરંતુ શ્વેતાંબર સંપ્રદાયને અનુકૂળ એવાં કેટલાંક વિધાનો છે.

**તત્ત્વસંગ્રહ** એ બૌદ્ધ વિદ્વાન્ **શાંતિરક્ષિત**સૂરિની કૃતિ છે. એમનો સમય લગભગ ઇ. સ. ૭૦૫ થી ઇ. સ. ૭૬૨ સુધીનો ગણાય છે. એમના શિષ્ય **કમલશીલે** આ ગ્રંથ ઉપર **પંજિકા** રચી છે. 'તર્કપંચાનન' **અભયદેવસૂરિએ** **સમ્મઇપયરણ** ઉપર જે **તત્ત્વબોધવિધાયિની** નામની ટીકા રચી છે અને જેને વિદ્વાનો **વાદમહાર્ણવ**થી અભિન્ન માને છે તેમાં **તત્ત્વસંગ્રહ**નો કેટલોક ભાગ પૂર્વપક્ષરૂપે રજૂ કરાયેલો છે.

**અનેકાન્તજયપતાકા**( તૃતીય અધિકાર )ની સ્વોપજ્ઞ વૃત્તિ ( ખંડ ૧, પૃ. ૨૯૬ )માં **સ્યાદ્વાદકુચોદ્યપરિહાર**નો **હરિભદ્ર**સૂરિએ નીચે મુજબ નિર્દેશ કર્યો છે.

**" अन्यत्र-स्याद्वादकुचोद्यपरिहारादौ प्रपञ्चेन निराकृतत्वात् ।"**

આ ઉપરથી આ એમની કૃતિ હોય એમ જણાય છે, પરંતુ એ કોઇ સ્થળેથી અત્યાર સુધીમાં મળી આવી નથી.

આ સ્વોપજ્ઞ વૃત્તિ( ખંડ ૧, પૃ. ૨૬૩ )માં **અનેકાન્તસિદ્ધિ**નો ઉલ્લેખ છે.

**અનેકાન્તજયપતાકા** એ ઉપલબ્ધ થતા જૈન ગ્રંથોમાં સ્યાદ્વાદને અંગેની સ્વતંત્ર કૃતિ તરીકે પ્રથમ સ્થાન ભોગવે છે. એના કર્તા શ્રી **હરિભદ્ર**સૂરિ છે. એમનો સમય ઇ. સ. ૭૦૦ થી ઇ. સ. ૭૭૦ સુધીનો છે, એમ ઘણાખરા આધુનિક વિદ્વાનો માને છે. આગમોદ્ધારક **આનંદસાગરસૂરિ** એથી ભિન્ન મત ધરાવે છે. તેઓ તો એમનું સ્વર્ગગમન વિ. સં. ૫૮૫ માં થયેલું માને છે. અહીં એ પ્રશ્ન ઊઠે છે કે **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણનો સ્વર્ગવાસ વિ. સં. ૬૪૫ ( વીર સંવત ૧૧૧૫ )માં થયાનું જૈન પરંપરા માને છે અને એમની કૃતિ **વિસેસાવસ્સયભાસ**માંથી શ્રી **હરિભદ્ર**સૂરિએ અવતરણો આપ્યાં છે તો આ કથન ક્યાં સુધી યુક્તિયુક્ત છે ?

**અનેકાન્તજયપતાકોદ્દ્યોતદીપિકા** એ **અનેકાન્તજયપતાકા**ની **હરિભદ્ર**સૂરિએ જાતે રચેલી વૃત્તિ છે. એ અત્યાર સુધીમાં અપૂર્ણ છપાયેલી છે. ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાલામાં એનો બીજો ખંડ ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનાર છે. હાલમાં એનો અંગ્રેજી ઉપોદ્ઘાત છપાય છે.

**ભાવાર્થમાત્રાવેદિની** આ પણ **હરિભદ્ર**સૂરિએ રચેલી **અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ અવચૂરિ છે. એની એક હસ્તલિખિત પ્રતિ મેં જોયેલી છે અને તેનું વર્ણન "જૈન હસ્તલિખિત પ્રતિઓનું વિસ્તૃત સૂચીપત્ર" ( પુ. ૧૮)માં મેં આપ્યું છે. બીજી પ્રતિ કોઇ સ્થળે હોય તો તે જાણવા-જોવામાં નથી. એ મળતાં એ છપાવવા વિચાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અનેકાન્તવાદપ્રવેશ**—આ સ્યાદ્વાદને અંગેની સ્વતંત્ર કૃતિ છે અને એના રચનાર ઉપર્યુક્ત **હરિભદ્રસૂરિ** છે. આ **અનેકાન્તજયપતાકા**ની સંક્ષિપ્ત આવૃત્તિ હોય એમ જણાય છે. બીજી રીતે વિચારતાં આની રચના થયા બાદ **અનેકાન્તજયપતાકા** રચાઇ હશે એમ પણ ભાસે છે. ગમે તેમ હો, બંનેમાં અનેક પંક્તિઓનું સામ્ય છે.

**અનેકાન્તપ્રઘટ્ટ**ની નોંધ, સ્વ. પંડિત **હરગોવિન્દદાસે** " **હારિભદ્રસૂરિચરિત્ર** " નામક સંસ્કૃત નિબંધમાં લીધી છે.

**બાદરાયણે** રચેલા મનાતા **બ્રહ્મસૂત્ર**ના બીજા અધ્યાયના બીજા પાદમાં નીચે મુજબનું સૂત્ર છે. " **न, एकस्मिन्नसम्भवात्** ॥ ३३ ॥ "

આ સૂત્ર ઉપર **શંકરાચાર્યે** ભાષ્ય રચ્યું છે. એમનો સમય ઇ. સ. ૭૮૮ થી ઇ. સ. ૮૨૦ સુધીનો છે એમ અનેક વિદ્વાનોનું માનવું છે. એમણે રચેલું ભાષ્ય **શાંકરભાષ્ય** એ નામથી ઓળખાવાય છે. એમાં સ્યાદ્વાદ ઉપર આક્ષેપો કરાયેલા છે.

**તત્ત્વોપપ્લવસિંહ** એ **જયરાશિભટ્ટ**ની કૃતિ છે. એઓ **કુમારિલ** અને **ધર્મકીર્તિ** પછી થયેલા છે અને વિદ્યાનંદિ ( ઇ. સ. ૮૫૦ ) અને **અનન્તવીર્ય**ની પહેલાં થયા છે એટલે કે એઓ ઇ. સ. ના આઠમા સૈકામાં થયેલા મનાય છે.

**તત્ત્વાર્થરાજવાર્તિક** એ વાચકવર્ય **ઉમાસ્વાતિકૃત તત્ત્વાર્થાધિગમસૂત્ર**ના ઉપરનું વાર્તિક છે. એ વાર્તિક તેમજ એની વ્યાખ્યા એ બંને દિગંબર વિદ્વાન્ **અકલંકે** રચેલાં છે. આમાં ડગલે ને પગલે સ્યાદ્વાદ શૈલીને અનુલક્ષીને વિધાનો કરાયેલાં છે અને એ રીતે આ કૃતિ અજોડ છે. એથી તો મેં અહીં એની નોંધ લીધી છે. બાકી એ કંઇ સ્યાદ્વાદને અંગેની સ્વતંત્ર કૃતિ નથી.

**શ્રીભાષ્ય** એ **બ્રહ્મસૂત્ર** ઉપર **રામાનુજ** આચાર્યે રચેલું ભાષ્ય છે. એ આચાર્યનો સમય ઇ. સ. ૧૦૧૭ થી ઇ. સ. ૧૧૩૭ નો ગણાય છે.

**વીતરાગસ્તોત્ર** એ કલિકાલસર્વજ્ઞ શ્રી **હેમચન્દ્રસૂરિ**ની કૃતિ છે. આ આચાર્યનો જન્મ વિ. સં. ૧૧૪૫ માં થયો હતો અને એમનું સ્વર્ગગમન વિ. સં. ૧૨૨૯ માં થયું હતું.

**અનેકાન્તજયપતાકોદ્દ્યોતદીપિકાટિપ્પણક** એ એના નામ પ્રમાણે **અનેકાન્તજયપતાકોદ્દ્યોતદીપિકા**નું ટિપ્પણ છે. સાતેક પ્રસંગે એ આ વૃત્તિને બદલે મૂળ કૃતિ નામે **અનેકાન્તજયપતાકા**માંની પંક્તિઓની વ્યાખ્યા રજૂ કરે છે. આ ટિપ્પણના રચનાર **વાદિદેવસૂરિ**ના ગુરુ અને **હરિભદ્રસૂરિ**ના ઓછામાં ઓછા પાંચ ગ્રંથો ઉપર વિવરણ રચનારા શ્રી **મુનિચન્દ્રસૂરિ** છે. એમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૧૭૮ માં થયો હતો.

**સ્યાદ્વાદમંજરી** એ **હેમચન્દ્રસૂરિ**કૃત **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા**ની **મલ્લિષેણસૂરિ**એ શક સંવત્ ૧૨૧૪ અર્થાત્ વિ. સં. ૧૩૪૯ માં રચેલી વૃત્તિ છે. એ કંઇ કેવળ સ્યાદ્વાદ વિષે જ માહિતી પૂરી પાડે છે એમ નથી અને એથી તો આનો **સમીક્ષાત્મક** અનુવાદ ગુજરાતીમાં તૈયાર કરાય અને છપાય એ ઇચ્છવાજોગ છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શેઠ મહાસુખભાઇ ચુનીલાલનું ખેદકારક પંચત્વ

શેઠ મહાસુખભાઈ વીસનગરના વતની હતા. તેઓ જાહેર કાર્યકર અને વગશવાળા હતા. વીસનગરની ભાગ્યે જ એવી કોઇ જાહેર પ્રવૃત્તિ કે સેવાનાં કાર્યો હશે કે જેમાં મહાસુખભાઇનો સાથ કે સહાય ન હોય. લઘુ વયથી જ તેમને સાહિત્ય પ્રત્યે સારો શોખ જન્મ્યો હતો. પોતે પણ નાની કવિતાઓ રચતા. ક્રમશઃ આ દિશામાં તેમનો અભ્યાસ વધ્યો અને તેઓ એક સારા લેખક તરીકે પ્રખ્યાતિ પામ્યા. અમૃતસરિતા, કાવ્યસરિતા તેમના લેખનના સુફળ છે. આપણી સભાના સાહિત્યપ્રચાર ને પ્રકાશનથી આકર્ષાઇ તેઓ સભ્ય બન્યા હતા.

શેઠ મહાસુખભાઈ વડોદરા રાજ્ય પ્રજામંડળ-સ્થાપનારાઓ પૈકી એક હતા. વડોદરા રાજ્યની સુધરાઇ, પ્રાંતપંચાયત અને ધારાસભાની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ અને રસ લેતા. આ ઉપરાંત વીસનગરમાં ધાટો, ઓવારા, વોટરવર્કસ, બાલમંદિર, ધર્મશાળા, સેનેટેરિયમ, દવાખાનું, પ્રસૂતિગૃહ, કન્યાશાળા તેમજ હાઇસ્કૂલ વિગેરે લોકોપયોગી ખાતાંઓ ઊભાં કરવામાં તેમનો સંગીન સાથ હતો. તેમણે પોતે પણ વ્યાયામ મંદિર, ટાઉન હોલ, પુસ્તકાલય વિગેરે માટે સારી સહાય કરી છે.

છેલ્લી ચળવળ વખતે પોલિસે વીસનગરમાં કરેલા ગોળીબારને અંગે મહેસાણા પ્રાંત સુબા સમક્ષ પ્રજાનો કેસ રજૂ કરતાં કરતાં લાગણીવશ બની જવાથી તેઓ બેભાન બની ગયા હતા અને તેમને લકવાની બીમારી લાગુ પડી હતી. તે બીમારી તેરે માસ સુધી ચાલી અને તા. ૨૨ મી જાન્યુઆરીના રોજ તેઓ પોતાની પાછળ એક પુત્રી ને બહોળું મિત્રમંડળ મૂકી સ્વર્ગવાસી થયા છે. વડોદરા રાજ્યે તેમની સેવાની કદર તરીકે તેમને "રાજ્યરત્ન" નો ઇલ્કાબ આપેલ. અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

## ભાવનગર દાદાસાહેબ જૈન બોર્ડીંગ

વિ. સં. ૧૯૫૯-૬૦ માં ભાવનગરના ગૃહસ્થોએ ફંડ એકત્ર કરી આ બોર્ડીંગની શરૂઆત કરેલ. તેમાં ચોવીશ વિદ્યાર્થીઓ રહી શકે તેવી સગવડ હતી. બાદ શ્રીયુત હીરાલાલ અમૃતલાલે પોતાની બહેન મોંઘી બહેનના સ્મરણાર્થે બીજું મકાન પાછળના ભાગમાં બંધાવી આપેલ છે એટલે કુલે અડતાલીશ વિદ્યાર્થીઓનો નિવાસ થઇ શકે છે. આ બોર્ડીંગનો ઉપયોગ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કરે છે. કાઠિયાવાડમાં આ પહેલવહેલી બોર્ડીંગ છે.

બોર્ડીંગના નિભાવ માટે સં. ૧૯૬૪ ની ભાવનગરની કોન્ફરંસ વખતે પચીશ હજાર શેઠ મનસુખભાઇ ભગુભાઈ અને પંદર હજાર શેઠ રતનજી વીરજી, શેઠ રતનજી જેચંદ તથા શેઠ જીવણ જેચંદ તરફથી જાહેર કરવામાં આવેલ. કેટલાક સમયબાદ શેઠ મનસુખભાઇ તરફથી આવતું વ્યાજ બંધ થયેલ છે. બોર્ડીંગને આવકનું બીજું સાધન નથી, તેથી કેટલોક ખર્ચ આવનાર વિદ્યાર્થીઓને ભોગવવાનો રહે છે.

શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી આ બોર્ડીંગ પ્રત્યે સારો રસ ધરાવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં સુધારણા કરવા અને બોર્ડીંગને પગભર કરવા માટે તેઓ ફાળાર્થે મુંબઇ ગયેલ છે અને લગભગ દશ હજાર રૂપિયા જેટલું ફંડ થઇ ચૂક્યું છે અને હજુ વિશેષ થવા સંભવ છે. કેળવણીપ્રેમી સજ્જનો પોતાનો ઉદાર હાથ લંબાવી આ કાર્યમાં પોતાનો સૂર પુરાવે એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## બુકો વેચાણ મગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મગાવનારને જણાવવાનું કે–સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી બુકોમાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તે જ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોક સંખ્યા સાત હજાર છે. કિંમત રૂા. ૬ા રાખેલ છે. તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

## पंच प्रतिक्रमण सूत्र–मूळ. शास्त्री

મૂળ સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન–પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છૂટક નકલના આઠ આના. સો નકલના રૂા. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

## સ્નાત્ર સંગ્રહ અને અષ્ટપ્રકારી પૂજા

આ બુક હાલમાં જ અમે છપાવી છે. તેમાં શ્રી દેવચંદ્રજી તથા પં. વીરવિજયજીના સ્નાત્ર ઉપરાંત પૂર્વાચાર્યકૃત સ્નાત્ર જે હાલમાં પ્રચારમાં નથી તે દાખલ કર્યું છે. તેમાં શ્રી ઋષભદેવનો ને પાર્શ્વનાથનો એમ બે કળશ છે. જેને પાંચ સ્નાત્ર ભણાવવા હોય તેને માટે શાંતિનાથજીનો કળશ પણ આ બુકમાં દાખલ કર્યો છે. ત્યારપછી શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા દાખલ કરી છે તે અષ્ટપ્રકારી પૂજા કરતાં દરેક પૂજાના પ્રારંભમાં બોલવા લાયક છે. તેમાં તે પૂજા સંબંધી જ વર્ણન છે. ખાસ કંઠે કરવા લાયક છે. કિંમત ત્રણ આના રાખવામાં આવી છે. ખાસ મંગાવો.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only